**સુવિચાર**

''સમયને હરાવી ન શકાય. એને જીતી પણ ન શકાય. ફક્ત એનાથી શીખી શકાય.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૧/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૨૯૦


## એક તરફ વિકાસ વધતા બીજી તરફ રોજગારી પણ વધી રહી છે

# અમરેલી જિલ્લામાં સરકારી મકાનો બનાવવાનો ધમધમાટ

**બાબરાની મામલતદાર કચેરી, નવી કોલેજ, ધારીમાં જયુડિશિયલ સ્ટાફ કવાર્ટસ સહિતનાં મકાનોનું નિર્માણ કાર્ય શરૂ**

**જિલ્લા માહિતી કચેરી, જાફરાબાદ મામલતદાર કચેરીનું મકાન પણ નવુ બની રહ્યું છે**

**ગ્રામ્યથી લઈને નેશનલ કક્ષાનાં માર્ગોનું પણ નિર્માણ કાર્ય શરૂ થયું છે**

**હજારો શ્રમિકો, કારીગરો તેમજ વેપારીઓને પણ વિકાસ કાર્યોનો મળે છે ફાયદો**










અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ–રાજય હેઠળ નવા મંજૂર થયેલ અને પ્રગતિલક્ષી વિવિધ બાંધકામો ઝડપભેર આગળ ધપી રહ્યા છે. જિલ્લામાં વિવિધ સરકારી કચેરીઓ, નવી કોલેજ સહિતના નવા બિલ્ડિંગનું બાંધકામ પુરજોશમાં શરૂ છે.

બાબરા ખાતે નવી મામલતદાર કચેરી, નવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધારી ખાતે ઈ–૧ અને ૨, ડી–૧ જયુડિશિયલ સ્ટાફ કવાટર્સ સહિતના બિલ્ડિંગોનું બાંધકામ ઝડપી ગતિએ શરૂ છે અને પ્રગતિ હેઠળ છે. સાથે જાફરાબાદ મામલતદાર કચેરી, અમરેલી સ્થિત જિલ્લા માહિતી કચેરી સહિતના નવા બિલ્ડિંગોનું બાંધકામ પણ ઝડપી ગતિએ શરૂ છે.

ઉલ્લેખનીય છે કે, બાબરા ખાતે નજીકના સમયમાં નવી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ બિલ્ડિંગ બનતા બાબરા–લાઠી સહિતના વિસ્તારના વાણિજય અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને દૂર સુધી કોલેજ અભ્યાસ અર્થે નહીં જવું પડે ઉપરાંત નજીકમાં અદ્યતન શૈક્ષણિક બિલ્ડિંગ આકાર પામતા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ઉત્તમ સુવિધાસભર સંસ્થાની ભેટ મળશે. નવા કોલેજ બિલ્ડિંગમાં ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ શિક્ષા મેળવીને પોતાના ભવિષ્યનું ઘડતર કરશે.

બાબરા અને જાફરાબાદ ખાતે નવી મામલતદાર કચેરી બનતા સરકારી અધિકારી અને કર્મચારીઓ ઉપરાંત આ વિસ્તારના અરજદારોને નવા અદ્યતન બિલ્ડિંગની ભેટ મળશે. સાથે ધારી ખાતે જયુડિશિયલ સ્ટાફ


**અનુસંધાન પાના ૬ ઉપર**


## નેશનલ હાઈ–વે વિભાગ આળશ ખંખેરે

# લ્યો બોલો : બાબરામાં હાઈ–વે ઉપર મસમોટા ખાડાથી વાહન ચાલકો પરેશાન

**અકસ્માતની ઘટના બને તે પહેલા તંત્ર જાગે**

બાબરા, તા. ૨૪

બાબરામાંથી પસાર થતો રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર મસ મોટો ખાડો પડયો છે જે ખુબજ મોટોકે જેના કારણે વાહન ચાલકોને અકસ્માત સર્જવાની ભીતિ સતાવે છે અહીં માર્કેટીંગયાર્ડ પછી આવતા બ્રિજ બાદ તરતજ આ ખાડો આવે છે જે ખુબજ જોખમી પુરવાર થાય તેમ છે અને ખાસ કરીને રોડપર પસાર થતા બાઈક ચાલકોને એકા એક આ ખાડો આવી જતા ભયંકર રોદાનો સામનો કરવાની ફરજ પડે છે અથવા તો જો આ ખાડો કોઈ બાઈક ચાલક તારવવા જાય તો અકસ્માત સર્જવાની ભીતિ સતાવે છે ત્યારે માર્ગ મકાન વિભાગ સ્ટેટ અને નેશનલ હાઈવે રોડ ઓથોરિટી આ બાબતે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ઘટતું કરી તાત્કાલિક અસરથી અહીં ખાડો પુરવાનું કામ કરે તે જરૂરી હોવાનું વાહન ચાલકોએ જણાવ્યું હતું.












## બોહરા સમાજમાં રૂહાની મસરત છવાઈ ગઈ

# ચિત્તલ મુકામે આવતીકાલે સૈયદનાં મુફફદલ સાહેબની થશે પધરામણી

**બોહરા વાડ વિસ્તારમાં રોશનીનો ઝગમગાટ**

અમરેલી, તા. ૨૪

ચિતલ મૌલાનલ મુક્કદસ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન આકાના જાનશીન ઈતલાકના ૫૩મા તાજદાર શમસુધ્ધો આતીબ, આતીલ મુત્લકીન એબે મુતકીન હુજુરે પૂરનુંર, હિઝ હોલિનેસ ડો.સૈયદના આલિકદર મુફફદલ સૈફુદ્દીન (ત ઊં શ) કરમ અને એહસાન ફરમાવીને ચિતલ ગામના દાઉદી બોહરા મુમેનિન નો ની અરજ સાંભળીને બુરહાનુદ્દીન મૌલાબાદ ૫૫ વરસ પછી અહીં કદમ કરી રહ્યા છે, તા.૨૬ મીએ એક એવી હસ્તી પધારી રહ્યા છે જેના પર સખાવતને ગર્વ છે, ઈબાદતને જેમના પર નાજ કરવાની



ઈચ્છા થઈ આવે છે, એવા સખી અને વલી કે જેમની નજરોમાં અમૃત છે, વાણીમાં શહદ જેટલી મીઠાશ છે, જેમના દીદારથી રૂહાની લજજત મળે છે તેવા રાહબરના આગમનને લઈને ચિત્તલ ગામના બોહરા સમાજમાં રૂહાની મસ્રરત છવાઈ ગઈ છે અને સમગ્ર સમાજમાં એક અનેરો ઉત્સાહ દેખાય રહ્યો છે, આપ નામદારના કદમ મુબારક થવા જઈ રહ્યા છે ત્યારે પૂરા બોહરા વાડ વિસ્તારને રોશની, સમિયાના, ફૂલો, રંગોથી સજાવી રહ્યા છે અને પૂરા વિસ્તારને બખૂબી રીતે તૈયાર કરીને મૌલાને ખુશ કરવાની કોશિશ કરી રહ્યા છે. મહેમાનો માટે ઉતારા, જમન અને સબીલોની તૈયારીમાં નાના, મોટા,


**અનુસંધાન પાના ૬ ઉપર**





## રશિયા–યુક્રેન યુધ્ધ, વૈશ્વિક બજારમાં ઘટાડો સહિતનાં પરિબળોથી

# બગસરાનાં હીરા ઉદ્યોગમાં ૩ વર્ષથી મંદીનું મોજુ

**૩ વર્ષ પહેલા ૩૫ જેટલા કારખાનાં કાર્યરત હતા અને સેંકડો રત્નકલાકારોને રોજગારી મળતી હતી**

**અર્ધોઅર્ધ કારખાના બંધ થતાં રત્નકલાકારોને રોજગારીનો પ્રશ્ન ઉભો થયો**

**એક તરફ દિન–પ્રતિદિન મોંઘવારી વધી રહી હોય બીજી તરફ રત્નકલાકારોની આવકમાં ઘટાડો**

**હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સરકારે આગળ આવવું જરૂરી**






અમરેલી, તા. ૨૪

બગસરામાં હીરા ઉદ્યોગ છેલ્લા ત્રણ વર્ષથી ભારે મંદીનો સામનો કરી રહ્યો છે. રશિયા–યુક્રેન યુદ્ધ, વૈકિ માર્કેટમાં ઘટાડો અને કોરોના મહામારી બાદની આર્થિક મંદી બધુ મળીને અહીંના નાના અને મધ્યમ ઉદ્યોગો પર મોટો પ્રહાર કરી રહ્યા છે.

ત્રણ વર્ષ પહેલાં બગસરામાં કુલ ૩૫ હીરા કારખાનાં કાર્યરત હતા, જ્યાં સેંકડો કારીગરોને રોજગારી મળતી હતી. તે સમયમાં કારીગરોને પ્રતિદિન આશરે રૂા. ૧૦૦૦ જેટલી કમાણી થતી હતી. પરંતુ હાલની ગંભીર મંદીને કારણે કારખાનાઓ એક પછી એક બંધ થવાને કારણે હાલ માત્ર ૧૫ કારખાનાં જ ચાલુ રહયા છે. કમાણીનો દર પણ ઘટીને પ્રતિદિન રૂા. ૫૦૦ જેટલો જ રહ્યો છે, જેના કારણે કારીગરો આર્થિક રીતે પરેશાન બની રહ્યા છે.

હાલની પરિસ્થિતિને લઈને હીરા કારખાનાના પ્રમુખ પ્રવીણભાઈએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં માંગમાં ભારે ઘટાડો આવ્યો છે. ખાસ કરીને રશિયા–યુક્રેન યુદ્ધનો સીધો પ્રભાવ કાચા હીરાની સપ્લાય અને રેટ પર પડયો છે. બીજી તરફ વેપારીઓને પણ નવા ઓર્ડર મળતા ઓછા થયા છે, જેના કારણે ઉત્પાદન ક્ષમતા અડધી થઈ ગઈ છે.

વર્ષો સુધી આ ઉદ્યોગ પર નિર્ભર રહેનાર કારીગરો હવે રોજગાર માટે અન્ય વિકલ્પો શોધવા મજબૂર બન્યા છે. ઘણા કારીગરોએ મજૂરીમાં કામ કરવાનું શરૂ કર્યું છે તો કેટલાક શહેરોમાં સ્થળાંતર થયા છે.

તેઓએ સરકાર અને ઉદ્યોગ મંત્રાલયને ખાસ ધ્યાન આપવા વિનંતી કરી છે, જેથી હીરા ઉદ્યોગને પુર્નજીવિત કરવા માટે સહાયરૂપ નીતિઓ, લોન સબસિડી અથવા માર્કેટ સહાય ઉપલબ્ધ કરાવી શકાય.

બગસરામાં હીરા ઉદ્યોગ એક સમયનો મુખ્ય રોજગાર સ્ત્રોત હતો, પરંતુ હાલની મંદીએ ઉદ્યોગ તથા કારીગરોના ભવિષ્ય ઉપર ગંભીર સવાલ ઉભા કર્યા છે.

---

### જીવનાં જોખમે માચ્છીમારી કરવી પડી રહી છે

## પિપાવાવનાં દરિયામાં માચ્છીમારી કરતા યુવકને પગમાં ગંભીર ઈજા પહોંચી

**MRSC વિભાગે તમામ મદદ પહોંચતી કરી**



અમરેલી, તા. ૨૪

પીપાવાવ–જાફરાબાદના દરિયામાંછેલ્લા કેટલાક દિવસોથી અકસ્માતોની ઘટનાઓમાં વધારો થયો છે. આવી વધુ એક ગંભીર દુર્ઘટના બની હતી, જેમાં એક માછીમારનો પગ કપાઈ જતાં મધદરિયામાં જીવલેણ સ્થિતિ સર્જાઈ હતી.

રાત્રે ૧૩ : ૫ કલાકે MRSC પીપાવાવને IFB અકબરી માછીમારી કશ્તી પરથી તાત્કાલિક Medical Emergencyનો મેસેજ પ્રાપ્ત થયો. કશ્તિ પીપાવાવથી લગભગ ૬૫ કિમી દૂર હતી, જેના કારણે સ્થિતિ વધુ ગંભીર માનવામાં આવી હતી. માછીમારી દરમિયાન કોઈ મશીનરી અકસ્માત કે જાળ ફસાવાની ઘટના બનેલી હોવાની આશંકા વચ્ચે એક માછીમારનો પગ ગંભીર રીતે કપાઈ ગયો હતો.

ઘટનાની ગંભીરતા સમજતાં MRSC પીપાવાવ દ્વારા તાત્કાલિક MEDEVAC ઓપરેશન શરૂ કરવામાં આવ્યું અને ICGS C–૪૦૯ને તેજ ગતિએ ઘટનાસ્થળે મોકલવામાં આવ્યું. દરિયામાં જ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી, જેથી વધુ રકતસ્ત્રાવ અટકાવવામાં સફળતા મળી.

ICGS C–૪૦૯ દ્વારા ઘાયલ માછીમારને સુરક્ષિત રીતે હાર્બર સુધી લાવવામાં આવ્યો અને ત્યાંથી તેને તરત જ અદ્યતન સારવાર માટે જાફરાબાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. સમયસરની કાર્યવાહી અને ત્વરિત રેસ્ક્યૂ ઓપરેશનને કારણે માછીમારનું જીવન બચી ગયું.

બહાર દરિયામાં સતત ઘટતી દુર્ઘટનાઓને ધ્યાનમાં રાખીને માછીમારોમાં ચિંતા વ્યાપક છે. નિષ્ણાતો સલામતી સાધનો, મશીનરીની નિયમિત ચકાસણી અને તાલીમને વધુ મજબૂત કરવાની જરૂરિયાત વ્યકત કરી રહ્યા છે. મધદરિયામાં ઉભી થયેલી આ ગંભીર પરિસ્થિતિમાં MRSC પીપાવાવ તથા ICGની ઝડપભરી કામગીરી પ્રશંસનીય રહી.

---

## બાબરામાં મતદાર સુધારણા બુથ ઉપર ધારાસભ્યની મુલાકાત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા.૨૪

બાબરામાં મતદાર સુધારણાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે બી.એલ.ઓ. દ્વારા ફોર્મ વિતરણ કરી મતદારો ને ફોર્મ ભરવા સહિતની કામગીરી સાથ સહકાર અને માર્ગદર્શન આપી રહ્યા છે. બી.એલ.ઓ.ની સાથે સ્થાનિક વોર્ડ વિસ્તારના ભાજપના કાર્યકતાઓ પણ મતદારોની સાથે રહી કામગીરી કરી રહ્યા છે.

શનિ,રવિ બુથ પર બેસી બી.એલ.ઓ.મતદાર સુધારણા કામગીરી કરી રહ્યા હોય ત્યારે ધારાસભ્ય જનકભાઈતળાવીયા દ્વારા બુથપર જઈ દરેક બી.એલ.ઓ. સાથે બેઠક કરી માર્ગદર્શન આપ્યું હતું પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, ઉપ પ્રમુખ પ્રતાપભાઈ ખાચર, શહેર ભાજપના મહામંત્રી જગદીશ વાવડીયા, મુકેશભાઈ ખોખરીયા, અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ પીપળવા, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી મતદારોને ફોર્મ ભરવામાં ઉપયોગી થયા હતા.

---

### ઈશ્વરીયા અને વરસડા ગામ વચ્ચેનો બનાવ

## અમરેલીનાં લાઠી માર્ગ ઉપર ટ્રકને ઓવરટેક કરવા જતાં સુરત જતી બસ ખાંગી થઈ

**સદ્દનસીબે જાનહાની ટળી જતાં હાશકારાની લાગણી**



અમરેલી, તા. ૨૪

અમરેલીથી સુરત જતી બસ ખાનગી લકઝરી બસ ઈશ્વરીયાથી વરસડા ગામ વચ્ચે ટ્રકને ઓવરટેક કરવા જતા માર્ગમાં પલટતાં મુસાફરોનાં ચીસાચીસ શરૂ થઈ હતી. જો કે સદ્દનસીબે જાનહાની ટળી જતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો.

અમરેલી જિલ્લામાં ટ્રાફિક કે આરટીઓ વિભાગને આંખ આંજી દે તેવી લાઈટ, ઓવર સ્પીડ કે ઓરવટેક અંગે તપાસ કરવાનો સમય હોતો નથી એટલે બેફામ ગતીએ વાહનો દોડતા હોય છે.

---

### આરટીઓ ચલણ નામની એપ્લિકેશન ખોલવા જતાં

## અમરેલીના અક્ષર જ્વેલર્સના સંચાલક સાથે ૧.૮૬ લાખની છેતરપીંડી કરાઈ

**ડીજીટલ યુગમાં છેતરપીંડીની ઘટનામાં વધારો**

અમરેલી, તા. ૨૪

અમરેલીમાં થોડાં સમય પહેલાં એક ડોકટર સહિત અનેક લોકો RTO Challan 500.apk નામથી ફાઈલ પોતાનાં મોબાઈલ ફોનમાં આવતાં અને તે ફાઈલ ખોલી નાખતાં છેતરપીંડીનો ભોગ બન્યાં છે. ત્યારે અમરેલીનાં એક જવેલર્સ પણ RTO Challan 500.apk નામથી ફાઈલ ખોલવાના કારણે કોઈ અજાણ્યા આરોપીએ આ પ્રથમ જવેલર્સના ક્રેડિટ ખાતામાંથી કુલ રૂપિયા ૧,૮૬,૫૦૦ જવેલર્સના સેવિંગ ખાતામાં ટ્રાન્સફર કરી અને બાદમાં તે રકમ આરોપીએ પોતાનાં અલગ અલગ ખાતામાં રૂપિયા ૧,૮૬,૫૦૦ ટ્રાન્સફર કરી લેતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


અમરેલીનાં ચીતલરોડ ઉપર આવેલ ગુઢકૃપાનગરમાં કોમન પ્લોટની સામે બ્લોક નં ૬૯માં રહેતાં અને અમરેલી ટાવર રોડ, દાણા બજાર ખાતે આવેલ અક્ષર જવેલર્સ નામથી દુકાનમાં સોના–ચાંદીના દાગીના લે – વેચનો વેપાર ધંધો કરતાં કૃણાલભાઈ નરેશભાઈ કોંઢીયા નામનાં ૪૦ વર્ષીય વેપારી યુવક પાંચેક મહીના પહેલા ગત તા. ૧૭/૬ ના રોજ બપોરના સમયે પોતાની અમરેલીમાં આવેલ દુકાને બેઠાં હતા. ત્યારે તેમનાં વ્હોટસઅપ નંબર ઉપર એક અજાણ્યા મોબાઈલ નંબર ૯૨૬૫૬૫૬૮૮૯ પરથી બપોરનાં ૩:૪૫ વાગ્યે RTO Challan 500.apk નામથી એક ફાઈલ આવેલ હતી. જે ફાઈલ જોતા વેપારીને લાગેલ કે આ હકીકતમાં કોઈ મેમો આવેલ હશે. જેથી તે ફાઈલમાં આવેલ ALLOW નુ બટન બતાવતું હતું. જેથી વેપારી યુવકે ચલણ જોવા માટે થઈ ALLOW નું બટન દબાવતા કોઈ ચલણ જોવા મળેલ નહી. જેથી વ્હોટસઅપમાંથી બહાર નીકળી ગયેલ હતાં.

ત્યાર બાદ ગત તા. ૨૨/૬/૨૫ ના રોજ બપોરના ૧૧:૪૫ વાગ્યાથી ૧૨:૩૭ વાગ્યા દરમિયાન મારા ફોનમાં ઓ.ટી.પી તેમજ બેંકના ટ્રાન્જેકશન સંબંધિત મેસેજ આવેલ હતાં. જેથી તેઓ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગયેલ હતાં. અને ત્યાં સાયબર ક્રાઈમ પોર્ટલ પર વેપારીની ઓન લાઈન અરજી નોંધવામાં આવેલ હતી. ત્યાર બાદ માણેકપરા ખાતે આવેલી HDFC બેંક બ્રાન્ચના એટીએમ ખાતે જઈ સ્ટેટમેન્ટ કઢાવી જોતા તેમનાં ખાતામાંથી કુલ રૂપિયા ૧,૮૬,૫૦૦ ડેબિટ થયેલાનું જણાઈ આવેલ હતું.

ત્યાર બાદ આ વેપારીએ ઓનલાઈન કરેલ અરજીની તપાસ તેમજ બેંકમા તપાસ કરતા તેમને જાણવા મળેલ કે,RTO Challan 500.apk ફાઈલ ડાઉનલોડ કરવાના કારણે વેપારીનો મોબાઈલ ફોનનો સંપુર્ણ કંન્ટ્રોલ APK ફાઈલ મોકલનાર અજાણ્યા મોબાઈલ નંબર ધારકે મેળવી લઈ અને વેપારીનાં HDFC બેંકના કેડીટ કાર્ડ ઉપર ઈન્સ્ટા ઝંબો લોન રૂપિયા ૬૦,૦૦૦ અને ઈન્સ્ટા લોન રૂપિયા ૮૦,૦૦૦ ઓનલાઈન પ્રોસેસ કરી વેપારીના HDFC બેંકના સેવીંગ એકાઉન્ટ નંબરમાં મેળવી લઈ તુરત જ ICIC બેંકના એકાઉન્ટમાં રૂપિયા ૫૦,૦૦૦, NSDL PAYMENTS બેંકના એકાઉન્ટમાં રૂપિયા ૫૦,૦૦૦, UCO બેંકના એકાઉન્ટમાં રૂપિયા ૫૦,૦૦૦, NSDL PAYMENTS બેંકના એકાઉન્ટમાં રૂપિયા ૩૬,૫૦૦ મળી કુલ રૂપિયા ૧,૮૬,૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

---

## જાફરાબાદ ખાતે ચાલતી SIRની કામગીરીની મુલાકાત લેતા મામલતદાર



જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદ થતી SIRની કામગીરીની સમીક્ષા કરતા જાફરાબાદ મામલતદાર નાગરિકો ફોર્મ ભરવા માટે તથા ૨૦૦૨ની યાદી માટે હેરાન પરેશાન ન થાય તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી દેવા માટે સુચના આપવામાં આવી.


ખાસ કરીને બીએલઓ તરીકે શિક્ષકો,આંગણવાડી બહેનો કાર્યરત છે જેમાં હાલ ગણતરી ફોર્મની વિતરણ,અપલોડની કામગીરી ચાલી રહી છે જેમાં કર્મચારીઓ સવારથી મોડી રાત્રી સુધી આ કામગીરી પુરી નિષ્ઠા અને ખંતથી જોડાયેલ જોવા મળે છે. તમામ લોકોને મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા સરળ બને તે હેતુથી BLOને સુચના આપતા જાફરાબાદ મામલતદાર નાગરિકોને સરળ તાથી ફોર્મ ભરવા માટે હાલાકી ભોગવવી પડે તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી આપવા તથા સ્થળ પર જ ફોર્મની સંપૂર્ણ ચકાસણી જે લોકોને ફોર્મ ભરવા અથવા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી થતી હોય તેવા નાગરિકો માટે મામલતદાર કચેરી ખાતે પણ ઓનલાઈન ૨૦૦૨ પૂર્વની મતદાર યાદી વિશે માહિતી તથા ઓનલાઈન ચકાસણી પણ સ્થળ ઉપર જ ઉપલ્બધ કરવામાં પણ આવી છે. મામલતદાર દ્વારા BLOને સુચના આપવામાં આવી નાગરિકો હેરાન ન થાય અને ફોર્મ ભરવા માટે હાલાકી ન પડે તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી દેવા BLOને સુચના આપવામાં આવી હતી. તેમજ ફોર્મ સફળતા પૂર્વક સબમિટ થતા લોકો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો.

---

### જિલ્લા કોળી ઠાકોર સમાજની માંગ

## ગુજરાતમાં અન્ય રાજયોની જેમ ઓબીસી માટે ૫૪ ટકા અનામત ફાળવો

**જિલ્લા કલેકટર મારફત સરકારને આવેદન પત્ર પાઠવ્યું**



અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજયમાં કોંગ્રેસ પાર્ટીની સરકારમાં મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલકી મુખ્યમંત્રીના કાર્યકાળ સમયમાં ઓબીસી સમાજ ને ૨૭ ટકા અનામત મળેલી ત્યારે ઓબીસી સમાજમાં ખાલી ૮૨ જાતિનો સમાવેશ હતો. તે પછીના સમયમાં જુદી–જુદી જાતિનો સમાવેશ કરી ૧૪૬ જાતિ ઓબીસીમાં આવેછે. તો હાલ ગુજરાતમાં કોળી ઠાકોર સમાજની વસ્તી મોટી હોય અન્ય સમાજની વસ્તી ઓછી હોય તો કોળી ઠાકોર સમાજની વસ્તી ગણતરી કરી વસ્તીના ધોરણે અનામત ફાળવવા તેમજ બીજા ઘણા રાજયોમાં ૫૪ ટકા ઓબીસી સમાજ ને અનામત ફાળવવામાં આવેલ છે. તે પ્રમાણે સરકારે અનામત ફાળવવી જોઈએ તે માંગણી સબબ અમરેલી જિલ્લા કોળી ઠાકોર સમાજના અગ્રણી અનિલભાઈ શેખ, રજજીભાઈ મકવાણા, નારણભાઈ મકવાણા, ભીખુભાઈ મકવાણા, હિંમતભાઈ બારૈયા, મનસુખભાઈ સોલકી, ઉકાભાઈ સાકરીયા, મુનાભાઈ રાઠોડ, કિરીટભાઈ સોલકી, વિનયભાઈ થલેસા, પ્રહલાદભાઈ થલેસા, મનીષભાઈ મકવાણા, એમ મોટી સંખ્યામાં કલેકટર ને માંગણી સબબનું આજરોજ આવેદન પત્ર સરકારમાં રજુઆત મોકલવા પાઠવવામાં આવેલ છે.




## સરદાર પટેલે ભારતસંઘમાં જુનાગઢનું જોડાણ કરી અખંડ ભારતનું નિર્માણ કર્યુ : વેકરિયા

# અમરેલીનાં સરદાર સર્કલથી શેડુભાર સુધી યુનિટી માર્ચ-પદયાત્રા યોજાઈ

**પદયાત્રાનાં રૂટ ઉપર વિવિધ સમાજનાં આગેવાનો, અગ્રણીઓ દ્વારા યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત**

**શેડુભાર ખાતે યુનિટી માર્ચનું ઢોલ નગારા સાથે હર્ષભેર સ્વાગત કરાયુ**

**રાજયમંત્રીએ કૈલાસ મુક્તિધામ પરિષદમાં વૃક્ષારોપણ પણ કર્યુ**

**પદયાત્રામાં પદાધિકારીઓ, વહીવટીતંત્રનાં ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ પણ જોડાયા**










અમરેલી, તા. ૨૩

દેશના મહાન સપૂત અને બિસ્માર્ક શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના પાવન અવસરે રાષ્ટ્રીય એકતાના અનેરા સંદેશ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભા મત વિસ્તારમાં ભવ્ય યુનિટી માર્ચ-પદયાત્રાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

અમરેલી સ્થિત સરદાર સર્કલ (સેન્ટર પોઈન્ટ) થી રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ લોહપુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પઅર્પણ કરીને યુનિટી માર્ચ-પદયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારતના દરેક નાગરિકમાં રાષ્ટ્રીય એકતા, સમરસતા, સહકાર, સ્વાભિમાન અને દેશપ્રેમની ભાવના વધુ પ્રજવલિત થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની સમગ્ર દેશમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવાની પ્રેરણ આપી છે. 'આપણે સૌ ભારતીય છીએ અને ભારત આપણું છે. આપણે એક થઈને રહીશું તો જ પ્રગતિ કરી શકીશું.' – સરદાર સાહેબના રાષ્ટ્રીય એકતાના આ સંદેશને જન-જનના હૃદયમાં પુનઃ સ્થાપિત કરવા માટે સમગ્ર દેશમાં સરદાર @૧૫૦ : યુનિટી માર્ચ યોજાઈ રહી છે.

યુનિટી માર્ચ દરમિયાન રૂટ મુજબ વિવિધ ગામ ખાતે ગ્રામજનોએ પદયાત્રાનું ઢોલ નગારા સાથે હર્ષભેર સ્વાગત કર્યું હતું. પદયાત્રામાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકીયા સહિતના પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ પણ સહભાગી બન્યા હતા. યુનિટી-માર્ચ પદયાત્રા રૂટ પર નૃત્ય સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

પદયાત્રાનું મોટા માચીયાળા મુકામે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પદયાત્રિકોને સંબોધન કરતા જણાવ્યું કે, ભારત દેશ આઝાદ થયો ત્યારે નાના મોટા ૫૬૨ જેટલા રજવાડાઓને સરદાર સાહેબે એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. લોહપુરૂષ શ્રી સરદાર પટેલે જૂનાગઢ જોડાણ મુદ્દે ત્યાંના નવાબને ઝુકાવીને અને ભારતસંઘમાં જૂનાગઢનું આન-બાન-શાન સાથે જોડાણ કર્યુ હતું.

''એક ભારત-શ્રેષ્ઠ ભારત'' અને ''જય સરદાર''ના નારાઓની ગૂંજ સાથે યુનિટી માર્ચ-પદયાત્રા સમાપન સ્થળ શેડુભાર ખાતે પહોંચી હતી. અહીં ગ્રામજનોએ ઢોલ નગારા સાથે પદયાત્રાનું હર્ષભેર સ્વાગત કર્યું હતું. કૈલાસ મુકિતધામ પરિસરમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવણીનો અનેરો સંદેશ પ્રસરાવ્યો હતો.

અમરેલી ખાતે આયોજિત યુનિટી માર્ચ-પદયાત્રામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, અગ્રણીઓ, જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, અમરેલીના વિવિધ સમાજના આગેવાનો, ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ-રમતવીરો, શહેરના નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય........03
(૨) હેલ્પર........03
(૨) મિકેનિક........03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝ્યુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન

• હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
• જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
• રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
• ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
• નાસુર Pilo nidal sinus ની સારવાર
• ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, ફોલ્લી
• પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
• મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ

ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઇટલ કિલયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*

જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE | TORQUE | KERB WEIGHT | BRAKES DRUM

DESTINI
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### ઓપરેશન સિંદૂરને ટાંકીને પાક. મીડિયાના અહેવાલોને ફ્રાન્સ નૌસેનાએ ભ્રામક ગણાવ્યાં

# પાક. એ ભારતના રાફેલ તોડ્યાનો દાવો ફ્રાન્સ નેવીએ ખોટો ગણાવ્યો

### આ અહેવાલમાં ફ્રાન્સ નૌસેનાના અધિકારીને ખોટી રીતે ટાંકવામાં આવ્યા હતા એટલું જ નહીં પરંતુ તેમનું નામ પણ ખોટું લખ્યું હતું

પેરિસ, તા.૨૪

ભારત અને પાકિસ્તાન વચ્ચે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના રાફેલ વિમાન તોડી પાડવાના પાક.ના દાવાને ફ્રાન્સની નૌસેનાએ બનાવટી ગણાવ્યો હતો. સમાચાર એજન્સીના મતે પાકિસ્તાન સ્થિત જીયો ટીવીએ પોતાની વેબસાઈટ પર ૨૧ નવેમ્બરે એક અહેવાલ પ્રકટ કર્યો હતો જેમાં ફ્રેન્ચ નૌસેનાના કમાંડરે પાકિસ્તાનની હવાઈ શ્રેષ્ઠતાની પુષ્ટિ કરી હતી. સાથે જ મેમાં સરહદ પર ભારત-પાક. વચ્ચે ઘર્ષણમાં પાકિસ્તાને ભારતના રાફેલ યુદ્ધ વિમાન તોડી પાડવાનો દાવો કર્યો હતો.ભારતે પહેલગામ હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન સ્થિત અનેક આતંકી ઠેકાણા અને એરબેઝને નિશાન બનાવ્યા હતા. ઓપરેશિન સિંદૂર વખતે પાકિસ્તાન મીડિયાના અહેવાલોને ફ્રાન્સ નૌસેનાએ ખોટા અને ભ્રામક ગણાવ્યા હતા.ફ્રેન્ચ નેવીએ એક્સ પોસ્ટ પર લખ્યું કે, પાકિસ્તાન મીડિયાનો અહેવાલ જૂઠો અને ભ્રામક માહિતી ધરાવે છે. આ અહેવાલમાં ફ્રાન્સ નૌસેનાના અધિકારીને ખોટી રીતે ટાંકવામાં આવ્યા હતા એટલું જ નહીં પરંતુ તેમનું નામ પણ ખોટું લખ્યું હતું.પાકિસ્તાનના જીયો ટીવીની વેબસાઈટે ૨૧ નવેમ્બરના રિપોર્ટમાં ફ્રાન્સના અધિકારીનું નામ જેક્સ લૌને હોવાનું જણાવ્યું હતું જેમણે કથિત રીતે પાકિસ્તાનની વાયુ ક્ષમતા શ્રેષ્ઠ હોવાનું કહ્યું હતું. ભારતીય વિમાનોને ચીનના સમર્થનથી તોડી પાડવામાં આવ્યા હોવાનો દાવો અહેવાલમાં કરાયો હતો. ફ્રાન્સની નૌસેનાએ સ્પષ્ટતા કરી હતી કે, અધિકારીનું સાચું નામ કેપ્ટન યુવાન લૌને છે અને તેમણે આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી. નેવીએ પુષ્ટિ કરી કે, જયયાં રાફેલ મિરન એરક્રાફ્ટ રહેલા છે તે નૌસેના લેન્ડિવિસિઓ ખાતેના એર સ્ટેશનના નેતૃત્વ માટે લૌનેની જવાબદારી મર્યાદિત છે. જ્યારે પાક.ના દાવા મુજબ ભારત સાથે ઘર્ષણ વખતે લૌને વરિષ્ઠ ઓપરેશન ઓથોરિટી ગણાવ્યા હતા. તેમણે ભારતના રાફેય યુદ્ધ વિમાનને તોડી પડાયા અંગે તથા તેને ચીનની મદદથી જામ કરાયા હોવાની બાબતમાં કોઈ જ ટિપ્પણી કરી નહતી.ભાજપના નેતા અને આઈટી સેલ પ્રમુખ અમિત માલવિયએ ફ્રાન્સની નૌસેનાની પોસ્ટ પર જવાબ આપતા જીઓ ટીવીના અહેવાલને જૂઠા અને બનાવટી દાવા ગણાવ્યા હતા. આ સાથે રિપોર્ટર હામિદ મીર પર નિશાન તાક્યું હતું.

### ભારતીય પ્રતિનિધિમંડળ રવાના થયું

# ભુતાનથી ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષ પાછા લવાશે

### ભારત અને ભુતાન વચ્ચેની આ આધ્યાત્મિક ભાગીદારી આપણી મિત્રતાનું સૌથી પવિત્ર સ્વરૂપ છે : ભુતાન

નવી દિલ્હી, તા.૨૪

ભારત અને ભુતાન વચ્ચેના આધ્યાત્મિક સંબંધો ઈતિહાસ રચી રહ્યા છે. થિમ્પુમાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું ચાલી રહેલ પ્રદર્શન ૨૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થશે. આ પવિત્ર અવશેષ પાછા લાવવા કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુના નેતૃત્વમાં એક ખાસ ભારતીય પ્રતિનિધિમંડળ આજે ભુતાન માટે રવાના થયું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરીને આ અંગે જાણકારી આપી છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ X પર લખ્યું કે, ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો પાછા લાવવા માટે ભુતાન રવાના થઈ રહ્યો છું. આ ભારત-ભુતાનના સહિયારા વારસા અને ઊંડા સાંસ્કૃતિક સંબંધોનું પ્રતીક છે. ભૂટાનની સરકારે પ્રદર્શનને એક અઠવાડિયા માટે ૨૫ નવેમ્બર સુધી લંબાવવાની અપીલ કરી હતી. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયે ભુતાનની અપીલનું સન્માન કરતા કહ્યું કે, આ નિર્ણય બંને દેશો વચ્ચે આધ્યાત્મિક વિશ્વાસ, પરંપરા અને મિત્રતાના અતૂટ સબંધને વધુ મજબૂત બનાવે છે. ભુતાનમાં ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ દરમિયાન યોજાયેલા આ પવિત્ર પ્રદર્શને ભૂટાનમાં આધ્યાત્મિક માહોલને નવી ઊંચાઈ આપી છે. હજારો શ્રદ્ધાળુઓએ અવશેષોના દર્શન કર્યા અને ભુતાનની સરકારે તેને લોકોની આસ્થાની ઐતિહાસિક ક્ષણ ગણાવી. આ આયોજન ભુતાનના ચોથા રાજા જિગ્મે સિંગ્યે વાંગચુકની ૭૦મા જન્મ દિવસ માટે પણ એક મહત્વપૂર્ણ આધ્યાત્મિક સમર્પણ છે. આ અવશેષો થિમ્પૂના તાશીચો ડઝોંગ ખાતે કુએનરે હોલમાં સ્થાપિત કરવામાં આવ્યા છે, જે ભુતાનના આધ્યાત્મિક અને વહીવટી જીવનનું કેન્દ્ર છે. ભુતાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ ટોબગેએ આ અવસર પર ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા કહ્યું કે, આ અવશેષો ભુતાનના લોકો માટે આશીર્વાદ છે. ભારત અને ભુતાન વચ્ચેની આ આધ્યાત્મિક ભાગીદારી આપણી મિત્રતાનું સૌથી પવિત્ર સ્વરૂપ છે.આ ઐતિહાસિક કાર્યક્રમને સમૃદ્ધ બનાવવા માટે ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કન્ફેડરેશન (IBC) એ ત્રણ ખાસ પ્રદર્શનોનું આયોજન કર્યું છે. જેમાં ગુરુ પદ્મસંભવ, જેમાં ભારતમાં બુદ્ધના જીવન અને પવિત્ર સ્થળોની યાત્રા, શાક્ય વારસામાં બુદ્ધ અવશેષોની શોધ અને મહત્વ તથા બુદ્ધનું જીવન અને શિક્ષા સામેલ છે. આ સાથે જ નવી દિલ્હી સ્થિત નેશનલ મ્યૂઝિયમની બૌદ્ધ ગેલેરીમાંથી દુર્લભ કલાકૃતિઓ પણ પ્રદર્શિત કરવામાં આવી છે. આ પ્રદર્શન મંગોલિયા, થાઈલેન્ડ, વિયેતનામ અને રશિયાની આધ્યાત્મિક યાત્રાની આગલી કડી છે.

### આરોપી યુવતીને પીછો કર્યો અને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો

# વટવામાં પાગલ પ્રેમીને સમજાવવા ગયેલા યુવતીના ભાઈની તીક્ષ્ણ હથિયારથી હત્યા

### આ મામલે વટવા જીઆઈડીસી પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથધરી

અમદાવાદ, તા.૨૪

હાથીજણમાં પરિવાર સાથે રહેતી યુવતીના ભૂતપૂર્વ પ્રેમીએ તેનો પીછો કરીને સંબંધ રાખવા દબાણ કરતો હતો. આ વાતની જાણ જ્યારે યુવતીના ભાઈને થતા યુવક તેની બહેનને હેરાન કરનાર શખ્સને સમજાવવા માટે ત્રિકમપુરા પાટિયા પાસે બ્રિજ પર ગયો હતો. જ્યાં આરોપી અને યુવતીના ભાઈ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા આરોપીએ યુવતીના ભાઈને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે હત્યાના ગુનામાં આરોપીની ધરપકડ કરી છે.મૂળ રાજસ્થાનના વતની અને છેલ્લા ઘણા વર્ષોથી શહેરના હાથીજણ સર્કલ પાસે માતા-પિતા અને ભાઈ સાથે રહેતી ૧૯ વર્ષીય તેજલ સુથાર (ઓળખ છૂપાવવા નામ બદલેલ છે) ઘરકામ કરે છે. ત્રણેક વર્ષ અગાઉ યુવતી તેના પરિવાર સાથે નારોલ ગામમાં રહેતી હતી. ત્યાં પાડોશમાં રહેતી મહિલાનો ભાઈ કે જે અસારવા ખાતે રહે છે વારંવાર આવતો જતો હતો. આ દરિમયાન યુવતી અને યુવક વચ્ચે મિત્રતા થઈ અને બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારબાદ બંને એક બીજા સાથે ફોનમાં વાતચીત કરતા અને રૂબરૂ મળતા પણ હતા. આ બાબતની જાણ જયારે યુવતીના પરિવારને થતા પ્રેમી યુગલ વચ્ચેના સંબંધો તૂટી ગયા હતા અને યુવતીના ઘરના સભ્યોએ નારોલ ગામમાંથી ઘર બદલીને હાથીજણ ખાતે રહેવા સારું આવી ગયા હતા. બીજી તરફ યુવતીએ તેના પ્રેમી યુવક સાથે વાતચીત બંધ કરી દીધી હતી અને તેનો મોબાઈલ નંબર પણ બ્લોક કરી દીધો હતો. પરંતુ ૨૨ નવેમ્બરના રાત્રિના સમયે યુવતી તેની બહેન અને ફ્લેટની અન્ય બહેનપણી સાથે આંટો મારવા માટે નીકળી હતી. ત્યારે ભૂતપૂર્વ પ્રેમી અશ્વિન ઝાલા બાઈક લઈને આવ્યો અને યુવતીનો પીછો કરવા લાગ્યો હતો. યુવતી અને તેની બહેનપણીઓ ગભરાઈ ગયા અને ભાગીને ફ્લેટમાં આવી ગયા. યુવતી અને તેની બહેન ફ્લેટના ગાર્ડનમાં બેઠા હતા. આ સમયે યુવતીના મોબાઈલ પર ભૂતપૂર્વ પ્રેમીનો ફોન આવ્યો હતો. પરંતુ નંબર બ્લોક હોવાથી ફોન લાગતો નહોતો. ત્યારબાદ યુવતીએ સામેથી અશ્વિન ઝાલાને ફોન કર્યો તો સામે છેડેથી પ્રેમી યુવકે યુવતી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુક્યો અને તારા વિના રહી નહીં શકુ જેવા ફિલ્મી ડાયલોગો મારવા લાગતા યુવતીએ ફોન કાપી નાખ્યો હતો. આ જ સમયે યુવતીના ભાઈનો ફોન આવ્યો અને ક્યા છે? પૂછતા યુવતી ગભરાઈ ગયેલી જેથી ભાઈએ પૂછ્યું કે શું થયું છે, કેમ ગભરાયેલી લાગે છે. જેથી યુવતીએ તેના ભાઈને હકીકત જણાવી દીધી કે અશ્વિન ઝાલા પીછો કરતો હતો અને ફોન કરીને લગ્ન કરવાનું કહેતો હતો. એટલે ભાઈએ બહેનને આશ્વાસન આપ્યું અને ઘરમાં બોલાવી લીધી હતી. બાદમાં યુવતીનો ભાઈ બહેનના પ્રેમીને સમજાવવા સારું ત્રિકમપુરા પુલના છેડે મળવા ગયો હતો. અને આ દરિમયાન ભૂતપૂર્વ પ્રેમી અને યુવતીના ભાઈ વચ્ચે તકરાર થઈ હતી. જેમાં આરોપી અશ્વિન ઝાલાએ યુવતીના ભાઈની ગરદન અને છાતીના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ મામલે વટવા જીઆઈડીસી પોલીસે હત્યાનો ગુનો નોંધીને અશ્વિન તેજમલસિંહ ઝાલાની ધરપકડ કરી છે.

# મહારાષ્ટ્રઃ સ્થાનિક ચૂંટણીમાં યુવાનો માટે ૪૦ ટકા અનામત

### રાજ્યભરમાં યોજાનારી નાગરિક ચૂંટણીઓમાં ૩૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો માટે ૪૦ ટકા ટિકિટ અનામત રાખશે

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં એક મોટી જાહેરાત કરીને રાજકીય ક્ષેત્રે હલચલ મચાવી દીધી છે. તેમણે દાવો કરતા જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી (BJP) રાજ્યભરમાં યોજાનારી નાગરિક ચૂંટણીઓમાં ૩૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો માટે ઓછામાં ઓછી ૪૦ ટકા ટિકિટ અનામત રાખશે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનું આ નિવેદન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) સહિત રાજ્યની અનેક મ્યુનિસિપલ સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા આવ્યું છે, જે ૨૦૨૨થી પેન્ડિંગ છે અને આવતા વર્ષે ૩૧મી જાન્યુઆરી પહેલા યોજાવાની છે.મુંબઈમાં એક કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા ફડણવીસે કહ્યું, હું તમને ખાતરીપૂર્વક કહી શકું છું કે નાગરિક ચૂંટણી લડનારા ભાજપના ઓછામાં ઓછા ૪૦ ટકા ઉમેદવારો ૩૫ વર્ષથી ઓછી ઉંમરના હશે. તેમણે લોકશાહી સંસ્થાઓમાં ગુનાહિત રેકોર્ડ ધરાવતા ઉમેદવારોની હાજરી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આવી પૃષ્ઠભૂમિના ઉમેદવારો મોટી સંખ્યામાં ચૂંટણી લડી રહ્યા છે, જે સમાજ માટે ચિંતાનો વિષય છે.કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના કાર્યની પણ પ્રશંસા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, કોઈપણ લોકશાહી સંસ્થા સમાજનું દર્પણ હોય છે, અને સંસ્થાઓ સમાજને આકાર આપે છે. છેલ્લી મ્સ્ઞ ચૂંટણીઓમાં કુલ ૨૧૬ ઉમેદવારોનો ગુનાહિત રેકોર્ડ હતો. એ સાચું છે કે કેટલાક ભ્રષ્ટ છે, પરંતુ દરેકને ભ્રષ્ટ ગણાવવું પણ ખોટું છે. પીએમ મોદીના નેતૃત્વ હેઠળ ભારતનો વિકાસ દર પ્રણાલીગત ખામીઓના આરોપોને ખોટા સાબિત કરે છે. જો સમગ્ર વ્યવસ્થા ખામીયુક્ત હોત, તો આપણો દેશ આટલી ઝડપથી વિકાસ પામતો ન હોત.સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલાં મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણે દાવો કર્યો હતો કે રાજ્યભરની નગર પરિષદો અને નગર પંચાયતોમાં શાસક પક્ષના ૧૦૦ કાઉન્સિલરો બિનહરીફ ચૂંટાયા છે. તેમણે જણાવ્યું હતું કે નગર પરિષદના પ્રમુખ પદ માટે ત્રણ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે.

### અમેરિકાએ રશિયા પર નવા પ્રતિબંધ લાગુ કર્યા

# ભારતે રશિયાથી આયાત કરાતા ક્રૂડની ખરીદી ઘટાડવી પડશે : સપ્લાય અનિશ્ચિત

### ભારત રશિયાની સરગુટનેફ્ટએગાઝ, ગાઝપ્રોમ નેફ્ટ અને નાના ટ્રેડર્સ પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખી શકે

નવી દિલ્હી, તા.૨૪

રશિયન ક્રૂડ ઓઈલની બે મુખ્ય નિકાસકાર કંપનીઓ રોસનેફ્ટ અને લુકઓઈલ પર અમેરિકન પ્રમુખ ટ્રમ્પના નવા પ્રતિબંધો શુક્રવારથી સંપૂર્ણપણે લાગુ થઈ ગયા છે ત્યારે હવે નજીકના સમયમાં રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી શકે છે, પરંતુ તે સંપૂર્ણપણે બંધ નહીં થાય. જોકે, રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદી સરેરાશ દૈનિક ૧૭ લાખ બેરલથી ૭૦ ટકા જેટલી ઘટીને માત્ર ચાર લાખ બેરલ સુધી રહી શકે છે. નવેમ્બરમાં ભારતની ખરીદી દૈનિક ૧૮-૧૯ લાખ બેરલે પહોંચવાનો અંદાજ છે. એટલે કે રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદી અસ્થિર અને અનિશ્ચિત બની જશે.વૈશ્વિક ડેટા એકત્ર કરનાર કેપ્લરના અહેવાલ મુજબ ૨૦ નવેમ્બર સુધીમાં ભારત માટે રશિયન ક્રૂડ ઓઈલનું લોડિંગ લગભગ ૯૮૨ કેબીડી રહ્યું, જે ઓક્ટોબર ૨૦૨૨ પછી સૌથી ઓછું હતું. આ વર્ષે ભારતની કુલ રશિયન ક્રૂડ ઓઈલની આયાતમાં રોસનેફટ અને લુકોઈલનું યોગદાન લગભગ ૬૦ ટકા હતું. રશિયાની બંને મુખ્ય કંપનીઓ પર પ્રતિબંધ મૂકાવાથી ભારતીય રિફાઈનરીઓ પાસે તેમની ખરીદી રોકવા સિવાય મર્યાદિત વિકલ્પ બચ્યા છે. પરિણામે ભારતની રશિયન ક્રૂડ ઓઈલની આયાત અસ્થિર અને અનિશ્ચિત બની ગઈ છે. જોકે, અમેરિકન પ્રતિબંધો રશિયાના સંપૂર્ણ ક્રૂડ ઓઈલ ઉદ્યોગ પર નથી, તેથી રેસનોફ્ટ અને લુકઓઈલ સિવાય રશિયાની સરગુટનેફ્ટએગાઝ, ગાઝપ્રોમ નેફ્ટ અને નાના ટ્રેડર્સ હવે ભારતને ક્રૂડ ઓઈલ પૂરું પાડવાનું ચાલુ રાખી શકે છે. કેપ્લરના અંદાજ મુજબ ૨૧ નવેમ્બરની સમય મર્યાદા પછી ન્યારા એનર્જી સિવાય બધી જ ભારતીય રિફાઈનરીઓ પ્રત્યક્ષરૂપે પ્રતિબંધિત રશિયન સંસ્થાઓ પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી દેશે. તેનાથી ડિસેમ્બર અને જાન્યુઆરીમાં રશિયન ક્રૂડ ઓઈલની ડિલિવરીમાં નોંધપાત્ર ઘટાડો આવી શકે છે. રશિયન ક્રૂડ ઓઈલ કંપનીઓ પર અમેરિકાના નવા પ્રતિબંધો ભારત અને રશિયાના વ્યૂહાત્મક સંબંધો માટે પણ અગ્નિ પરીક્ષા સમાન રહેશે. યુક્રેન પર આક્રમણ પછી રશિયા પર પશ્ચિમી દેશોએ પ્રતિબંધો મૂકતા ભારત ફેબ્રુઆરી ૨૦૨૨થી રશિયા પાસેથી જંગી ડિસ્કાઉન્ટથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારી દીધી હતી. પરિણામે રશિયામાંથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત માત્ર ૧ ટકાથી વધીને લગભગ ૪૦ ટકા સુધી પહોંચી ગઈ હતી. રશિયન ક્રૂડ ઓઈલના સૌથી મોટા ખરીદદારોમાં ભારતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે અમેરિકા અને યુરોપીયન સંઘના પ્રતિબંધોનુંપાલન સુનિશ્ચિત કરવા માટે મોટુંપગલું ઉઠાવ્યુંછે. આરઆઈએલે ૨૦ નવેમ્બરથી પોતાની નિકાસ કેન્દ્રીત રિફાઈનરીમાં રશિયન ક્રૂડ ઓઈલની આયાત અટકાવી દીધી છે. રિલાયન્સની જેમ એચપીસીએલ, મિત્તલ એનર્જી અને મેંગ્લોર રિફાઈનરી જેવી કંપનીઓએ પણ રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત અટકાવી દીધી છે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જાહેરાત કરી હતી ૧ ડિસેમ્બરથી સેઝ રિફાઈનરીના બધા જ ઉત્પાદન નિકાસ બિન રશિયન ક્રૂડ ઓઈલમાંથી પ્રાપ્ત કરાશે, જેથી જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ થનારા ઈયુના પ્રતિબંધોનુંસંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરી શકાય. ૨૦ નવેમ્બરે અથવા ત્યાર પછી આવનારા રશિયન ક્રૂડ ઓઈલની ખેપને ઘરેલુ ટેરિફ ક્ષેત્ર રિફાઈનરીમાં સંશાધિત કરાશે, જેનાથી નિકાસ પ્રતિબંધોનો ભંગ ના થાય.

# કર્ણાટકમાં મુખ્યમંત્રીની ખુરશી માટે કોંગ્રેસમાં અંદરોઅંદર રસાકસી

### શિવકુમાર નારાજ થતા કોંગ્રેસમાં ધડાધડ બેઠકો

બેંગલુરુ, તા.૨૪

કર્ણાટકની સત્તાધારી પાર્ટી કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદને લઈ ફરી ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ નારાજ થયેલા નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારને મનાવવા માટે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન શુક્રવારથી બેંગવલુરુમાં છે, જોકે હજુ સુધી બંને વચ્ચે મુલાકાત થઈ શકી નથી. બીજીતરફ વિવાદને ટાળવા માટે ઊર્જા મંત્રી કે.જે.જોર્જ મધ્યસ્થી હોવાનું સામે આવ્યું છે. જોર્જે રવિવારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે મુલાકાત કર્યા બાદ બપોરે ખડગે સાથે મુલાકાત કરી હતી, ત્યારબાદ સાંજે તેમણે શિવકુમાર સાથે એક કલાક સુધી બેઠક કરી હતી,મીડિયા રિપોર્ટ મુજબ ડી.કે.શિવકુમાર સાથે બેઠક કરનાર જોર્જે તેમને માર્ચમાં રજૂ થનારા બજેટ સુધી શાંત રહેવા કહ્યું છે. તો જવાબમાં શિવકુમારે ચોક્કસ આશ્વાસનની માંગ કરી છે. ગત સપ્તાહે શિવકુમારે ખડગે સાથે મુલાકાત કરી હતી. ત્યારે પણ શિવકુમારને કહેવાયું હતું કે, બેલગાવીમાં વિધાનસભાનું શિયાળુ સત્ર યોજાવાનું છે, ત્યારબાદ માર્ચમાં રજૂ થનારા બજેટની તૈયારીઓ શરૂ થઈ જશે. જો આ સમયગાળામાં કોઈ ફેરફાર થશે તો સરકારના કામકાજ પર સીધી અસર પડશે. જેના કારણે બજેટ બાદ શિવકુમારની માંગણીઓ પર વિચારણા કરવામાં આવશે. રિપોર્ટ મુજબ, શિવકુમાર કોંગ્રેસ પાસે ચોક્કસ આશ્વાસન માંગી રહ્યા છે.બીજીતરફ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના જૂથે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, મોટાભાગના ધારાસભ્યો તેમની તરફ છે.

સિદ્ધારમૈયાના પુત્ર અને એમએલસી ડૉ.યતીન્દ્ર સિદ્ધારમૈયા બે દિવસથી ઉત્તર કન્નડ જિલ્લામાં છે અને અહીં તેઓ એક-એક ધારાસભ્ય સાથે વ્યક્તિગત મુલાકાત કરી રહ્યા છે. ડી.કે.શિવકુમાર પણ જાણે છે કે, મુખ્યમંત્રી પાસે ધારાસભ્યોનું સંખ્યાબળ વધુ છે, તેથી તેઓ હાઈકમાન્ડ પર દબાણ કરીને વચન પુરુ કરવાની વાત કહી રહ્યા છે. હાઈકમાન્ડ દબાણ વધારવા માટે શિવકુમારના સમર્થક ધારાસભ્યોએ ચાર દિવસથી દિલ્હીની મુલાકાત શરૂ કરી દીધી છે. રવિવારે ખડગેએ હાથ અધ્ધર કરી દેતા વિવાદ વધુ વકર્યો છે. આ કારણે ૬-૭ ધારાસભ્યોના ગ્રૂપે રવિવારે સાંજે દિલ્હી પહોંચીને કે.સી.વેણુગોપાલ સાથે મુલાકાતનો સમય માંગ્યો છે.ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે અઢી વર્ષ માટે પહેલા સિદ્ધારમૈયાને અને પછી ડી.કે.શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાનું આશ્વાસન અપાયું હતું. અઢી વર્ષ પૂર્ણ થયા બાદ હવે આ મામલે રાજકારણ ગરમાયું છે. ચોંકાવનારી વાત એ છે કે, સિદ્ધારમૈયાના નજીકના પૂર્વ મંત્રી કે.એન.રાજન્નાએ શિવકુમારને એવું કહી દીધું છે કે, તેઓ સત્તા મેળવવા માટે છેંઝઝ દ્વારા લખેલો પત્ર બતાવે.

# સોના-લિથિયમની ખાણોમાં રોકાણ કરો, પાંચ વર્ષ ટેક્સ નહીં

કાબુલ, તા.૨૪

અફઘાનિસ્તાને ભારતીય કંપનીઓને તેના આશરે ૧ ટ્રિલિયન ડોલરના ખનીજ ભંડારમાં રોકાણ કરવાનું આમંત્રણ આપ્યું છે. અફઘાનિસ્તાનમાં રાજકીય અસ્થિરતાના કારણે છેલ્લા ઘણાં સમયથી સોના અને લિથિયમની ખાણો નિષ્ક્રિય પડી છે. અફઘાનિસ્તાનનો હેતુ સોના અને લિથિયમ જેવા કિંમતી ખનીજો ધરાવતા વિસ્તારોમાં રોકાણ આકર્ષીને રોજગારી સર્જન કરવપાનો છે. ભારત સરકારે પણ આ સંભવિત તકને આવકારી છે, પરંતુ સાથે કોઈ પણ પ્રોજેક્ટ્સમાં આગળ વધતા પહેલા સાવધાની રાખવાની અને કેટલાક મુખ્ય અવરોધો દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી અલહાજ નૂરુદ્દીન અઝીઝી તાજેતરમાં જ ભારતની મુલાકાતે હતા. આ દરમિયાન તેમણે આ ઓફર કરી હતી.

એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (ASSOCHAM)ના જણાવ્યાનુસાર, કાબુલ ભારતીય ખાણકામ કંપનીઓને તેમની સોના અને લિથિયમની ખાણોમાં માઈનિંગ પ્રોજેક્ટ્સ ઓફર કરી રહી છે, પરંતુ ખાણકામ શરૂ કરતા પહેલાં સમય માંગી લે તેવા ભૂસ્તરીય સર્વેક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનું કામ કરવું જરૂરી છે. જ્યાં સુધી આ પાયાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકાણ કરવું મુશ્કેલ છે. અઝીઝીના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાન સોનાના ખાણકામ સહિતના નવા ક્ષેત્રોમાં રોકાણ કરનારી ભારતીય કંપનીઓને પાંચ વર્ષની કર મુક્તિ આપવા તૈયાર છે.

આ ઉપરાંત આવા પ્રોજેક્ટ્સ માટે આયાત કરાતી મશીનરી પર માત્ર ૧ ટકા ટેરિફ લાગશે. જો કે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે, અફઘાનિસ્તાનમાં રોજગારી ઊભી કરવા ખાણકામ પછી તમામ ખનીજોનું પ્રોસેસિંગ અફઘાનિસ્તાનમાં જ થવું જોઈએ.ભારત સાથે આર્થિક સહયોગ વધારવા માટે અઝીઝીએ ભારતને વિઝા પ્રક્રિયા, બેંકિંગ ચેનલો અને એર કનેક્ટિવિટી જેવા નાના અવરોધોને સરળ બનાવવા માટે પણ વિનંતી કરી હતી. ભારતીય વેપારીઓને નાણાકીય લેવડ-દેવડમાં મુશ્કેલી ન પડે તે માટે ભારતીય અને અફઘાનિસ્તાનની બેંકો વચ્ચેના સંબંધોને ફરી એકવાર યોગ્ય દિશા આપવા પણ તેમણે ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે, આ મુદ્દે બંને પક્ષે સકારાત્મકતા વ્યક્ત કરી હતી, જેમાં અફઘાનિસ્તાનના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, ભારત સાથે વ્યૂહાત્મક અને સૌહાર્દપૂર્ણ સંબંધોને કારણે જ તેઓ સૌથી પહેલા ભારતીય ઉદ્યોગ જગત સાથે વેપારને પ્રાથમિકતા આપવા માંગે છે.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ફિક્સ પગાર પર કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનું ચાર્જ એલાઉન્સ વધશે

### વધારાની કામગીરી મુજબ ૫ થી ૧૦ ટકા વધારાનું એલાઉન્સ ચૂકવાશે. નાણાં વિભાગ દ્વારા નિર્ણય કરાયો

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં ફિક્સ પગારથી કામ કરતા કર્મચારીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ફિક્સ પગાર પર કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનું ચાર્જ એલાઉન્સ વધશે. હવે આ કર્મચારીઓને વધારાની કામગીરી સોંપવામાં આવે તો ચાર્જ અલાઉન્સ વધશે. વધારાની કામગીરી મુજબ ૫ થી ૧૦ ટકા વધારાનું એલાઉન્સ ચૂકવાશે. નાણાં વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) સામેના ઠરાવો/પરિપત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ "વધારાની કામગીરી માટે મહેનતાણા" અંગેની જોગવાઈ થયેલ છે.હાલમાં રાજય સરકારના ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને સંદર્ભક્રમાંક-(૧) થી (૩) માં થયેલ જોગવાઇ મુજબ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર ઉપર વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) ચૂકવવામાં આવે છે. ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે સંદર્ભ ક્રમાંક-(૧) માં દર્શાવેલ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગારમાં સંદર્ભ ક્રમાંક-(૪) સામેના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જ એલાઉન્સ હાલમાં પણ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર મુજબ ગણતરી કરીને ચુકવવામાં આવે છે. આથી, ફીકસ પગારના કર્મચારીઓમાં કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને સોપવામાં આવેલ સમાન અથવા ઉપલી જગ્યાના વધારાના હવાલા માટે મળવાપાત્ર ચાર્જ એલાઉન્સમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

# પૂર્વ પ્રેમિકાના ભાઈની હત્યા કરનારા પ્રેમીની ધરપકડ થઈ

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના વટવા GIDC વિસ્તારમાં ૨૩ નવેમ્બરની રાત્રે પ્રેમ-સંબંધની દાઝમાં એક કમકમાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. ત્રણ વર્ષ જૂના તૂટેલા સંબંધની દાઝમાં યુવકે તેની પૂર્વ પ્રેમિકાના ભાઈને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી રહેંસી નાખીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યાના ગુના મામલે પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી હતી.મળતી માહિતી મુજબ, વટવા GIDC પોલીસ સ્ટેશનને રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યાની આસપાસ હત્યાના બનાવ અંગે જાણ થઈ હતી. તાત્કાલિક પોલીસની ટીમ ત્રિકમપુરા કેનાલ પાસે ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં પોલીસને ૨૩ વર્ષીય મનીષ ભવરલાલ સુથારનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્લાસ્ટિકના દાણાનો વેપાર કરતા મનીષના મોઢા, ગળા અને હાથ પર તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા હતા, જેના કારણે તેનું મૃત્યુ ઘટનાસ્થળે જ થઈ ગયું હતું.વટવા GIDC પોલીસ સ્ટેશનના પી.આઈ. દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરાતાં જાણવા મળ્યું હતું કે, આ હત્યા પાછળનું મુખ્ય કારણ પ્રેમ સંબંધનો ખટરાગ હતો. મૃતક મનીષની બહેન અને આરોપી અશ્વિન તેજમલસિંહ ઝાલા (ઉં.વ. ૨૪) વચ્ચે લગભગ ત્રણ વર્ષ પહેલાં મિત્રતા થઈ હતી, જે પાછળથી પ્રેમ સંબંધમાં ફેરવાઈ હતી. જોકે, છ મહિના પહેલાં બંને છૂટા પડી ગયા હતા. આટલું જ નહીં, મનીષ અને તેની બહેન બંનેની સગાઈ તેમના પિતા દ્વારા થોડાક સમય પહેલાં જ અન્યત્ર કરી દેવાઈ હતી.ગઈકાલે રવિવારે રાત્રે મનીષની બહેન ઘરની નજીક વોક કરી રહી હતી, ત્યારે આરોપી અશ્વિન ત્યાં પહોંચી ગયો હતો. તેણે યુવતીને લગ્ન કરવા માટે ધમકાવી હતી અને કહ્યું કે, "તું મારી સાથે લગ્ન કરી લે, હું નહીં જીવી શકું અને તારા વગર હું બીજે ક્યાંય લગ્ન નહીં કરું."આ દરમિયાન યુવતીને તેના ભાઈ મનીષનો ફોન આવતા તેણે તરત જ આખી વાત મનીષને જણાવી હતી. આ સાંભળીને મનીષે તાત્કાલિક આરોપી અશ્વિનનો સંપર્ક કર્યો અને તેને ત્રિકમપુરા કેનાલ પાસે મળવા બોલાવ્યો.

બંને વચ્ચે ત્યાં ઉગ્ર ઝઘડો થયો અને વાત ઝપાઝપી સુધી પહોંચી ગઈ. ગુસ્સે ભરાયેલા આરોપી અશ્વિને પોતાની પાસે રહેલા તીક્ષ્ણ હથિયાર વડે મનીષ પર ઉપરા-છાપરી ઘા ઝીંકી દીધા અને તેની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી.

### શેઠની શિખામણ ઝાંપા સુધી

# સાહેબ બહાર ગયા તો ક્લાસરૂમ ખાલી પડ્યા

### મુખ્યમંત્રીના સોમવાર અને મંગળવારે પોતાની ચેમ્બરમાં બેસવાના આદેશનો નવા મંત્રીઓએ અનાદર કર્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની એક ચટપટી ખબર સામે આવી છે. ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીઓ, સચિવોને સોમવાર અને મંગળવારે પોતાની ચેમ્બરમાં જ બેસવા, અન્ય કોઈ મિટીંગનું આયોજન ન કરવા આદેશ કર્યો હતો. પરંતુ આજે સપ્તાહના ખૂલતા દિવસે સોમવારે અનેક મંત્રીઓ સાહેબનો ઘોળીને પી ગયા અને ગાંધીનગરમાં ગેરહાજર જોવા મળ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોમવારે અને મંગળવારે મંત્રીઓને ફરજિયાત હાજર રહેવા આદેશ કર્યો છે. છતાં આજે પણ સોમવારે ૯૦ ટકા થી વધુ મંત્રીઓ ૧૨ વાગ્યા સુધીમાં પોતાની ચેમ્બરમાં ગેરહાજર જોવા મળ્યા હતા. મુખ્યમંત્રી જામનગરના પ્રવાસે છે, તો નાયબ મુખ્યમંત્રી વિદેશ પ્રવાસે હોવાથી ગેરહાજર છે. પરંતું અન્ય મંત્રીઓ યાત્રા કે અન્ય કારણોસર સોમવારે પણ ૧૨ વાગ્યા સુધી પોતાની ચેમ્બરમાં આવ્યા ન હતા. બે સપ્તાહ પહેલા જ મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને સોમવાર અને મંગળવારે ફરજિયાત હાજર રહેવા સૂચના આપી હતી. આમ છતાં ગત સોમવારે પણ ૧૨ વાગ્યા સુધી મંત્રીઓની ગેરહાજરી જોવા મળી હતી. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં કેબિનેટ માં બે જ્યારે રાજ્યકક્ષાના ત્રણ મંત્રી હાજર હતા. વાત કરીએ કેટલાક ગેરહાજર નેતાઓની તો, કેબિનેટ મંત્રી ડો પ્રદ્યુમન વાજા હાજર હતા. રાજ્યકક્ષાના મનીષા વકીલ, કૌશિક વેકરીયા તથા પ્રવિણ માળી હાજર હતા. રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા પહોંચ્યા હતા. તો અર્જુન મોઢવાડિયા જામનગર છે એટલે ગેરહાજર છે. જોકે, આ સિવાય અનેક મંત્રીઓ ફરક્યા ન હતા.

### ભાજપ નેતાઓના સંબંધીઓ બિનહરીફ ચૂંટાતા વિવાદ

# ઉત્તર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપના ૯૦ ઉમેદવાર બિનહરીફ

## ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાતા વિપક્ષે વાંધો ઉઠાવ્યો

મુંબઈ, તા.૨૪

ભાજપે બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવ્યા બાદ હવે મહારાષ્ટ્રમાંથી ખુશખબર મળી છે. રાજ્યમાં બે ડિસેમ્બરે નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીઓ યોજાવાની છે, જોકે તે પહેલા જ ભાજપના ૧૦૦ કોર્પોરેટર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ભાજપના અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણે કહ્યું કે, પાર્ટીના ૧૦૦ કોર્પોરેટર કોઈપણ મુકાબલા વગર જીતી ગયા છે. આ ઉપરાંત ભાજપના ત્રણ ઉમેદવારો નગર પરિષદની ચૂંટણી વગર અધ્યક્ષ પણ બની ગયા છે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, કોંકણ વિસ્તારમાંથી ચાર, ઉત્તર મહારાષ્ટ્રમાં ૪૯, પશ્ચિમ મહારાષ્ટ્રમાં ૪૧ અને મરાઠાવાડા અને વિદર્ભમાંથી ત્રણ-ત્રણ ભાજપ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. મતદાન પહેલા જ આટલી બધી બેઠકો મળી ગઈ છે, જે ભાજપ સંગઠનની મજબૂતી દર્શાવે છે. તેમણે જીતનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને આપ્યો છે.

ભાજપ નેતાઓના સંબંધીઓ પણ બિનહરીફ ચૂંટાયા છે. જામનેરમાં જળ સંસાધન મંત્રી ગિરીશ મહાજનની પત્ની સાધના મહાજન કોઈપણ મુકાબલા વગર નગર પરિષદના અધ્યક્ષા ચૂંટાઈ આવ્યા છે. તેમની સામે ઉભેલા ઉમેદવારો છેલ્લી ઘડીએ નામ પરત ખેંચી લીધું હતું.

ધુલે જિલ્લામાં માર્કેટિંગ મંત્રી જયકુમાર રાવલની માતા નયન કુંવર રાવલ પણ બિનહરીફ ચૂંટાયા છે. તેમની સામેની ઉમેદાવરનું નામાંકન રદ થતા તે બિનહરીફ ચૂંટાયા છે. ચિખલદરા જિલ્લામાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પિતરાઈ ભાઈ અલ્હદ કાલોટી પણ મુકાબલો વગર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા બાદ વિપક્ષે વાંધો ઉઠાવ્યો છે. શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે, 'અમને બિનહરીફ ચૂંટાવા પર વાંધો નથી, પરંતુ માત્ર ભાજપના ઉમેદવારો કોઈપણ મુકાબલો લડ્યા વગર વારંવાર કેવી રીતે બિનહરીફ જીતી જાય છે? ભાજપ પૈસા, શક્તિ અને તાકાતનો ઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડી રહ્યું છે. કોંગ્રેસ નેતા યશોમતી ઠાકુરે આક્ષેપ કર્યો છે કે, 'અન્ય ઉમેદવારોના નામ પરત ખેંચવા માટે ધમકાવવામાં આવી રહ્યા છે.' રાજ્યમાં ૨૪૬ નગર પરિષદ અને ૪૨ નગર પંચાયત માટે બે ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે, જ્યારે ત્રણ ડિસેન્બરના રોજ મતગણતરી હાથ ધરાશે.

### બોલીવુડના લિજેન્ડરી એક્ટર ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે નિધન

# બોલિવૂડના હિમેન ધર્મેન્દ્ર પંચતત્વમાં વિલીન, પુત્ર સની દેઓલે આપી મુખાગ્નિ

## ધર્મેન્દ્ર ઘણા દિવસોથી બીમાર હતા : ધર્મેન્દ્રના અંતિમ દર્શન માટે સ્મશાન ઘાટ પહોંચ્યા બચ્ચન, આમિર સહિત ઘણા કલાકાર, હેમા માલિની આઘાતમાં

મુંબઈ, તા.૨૪

બોલીવુડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું આજે નિધન થયું. અભિનેતા ઘણા દિવસોથી ઘરે સારવાર લઈ રહ્યા હતા. તેમને થોડા દિવસો પહેલા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦ નવેમ્બરના રોજ ધર્મેન્દ્રની તબિયત ખૂબ જ બગડી ગઈ હતી અને તેમને વેન્ટિલેટર પર ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા હતા. ત્યારબાદ, સલમાન ખાન, શાહરૂખ ખાન અને ગોવિંદા સહિતની હસ્તીઓ પીઢ અભિનેતાના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરવા માટે હોસ્પિટલમાં જોવા મળી હતી. ધર્મેન્દ્રના મૃત્યુની અફવાઓ થોડા સમય પછી ફેલાઈ ગઈ હતી. બાદમાં, અભિનેતાની પત્ની હેમા માલિની અને પુત્રી એશા દેઓલે તેમના મૃત્યુના સમાચારને નકારી કાઢતા મેસેજ પોસ્ટ કર્યા હતા. સની દેઓલે પણ પોસ્ટ કર્યું હતું કે, પીઢ અભિનેતા સારવારનો



પ્રતિભાવ આપી રહ્યા છે, અને સ્વસ્થ થઈ રહ્યા છે. જોકે, અભિનેતાએ આજે અંતિમ શ્વાસ લીધા. આ સમાચારથી સમગ્ર વિશ્વમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.ધર્મેન્દ્રના અવસાનના સમાચાર બાદ, બોલિવૂડના અનેક સ્ટાર્સ આ દિગ્ગજ અભિનેતાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે સ્મશાનગૃહ પહોંચ્યા હતા. અમિતાભ બચ્ચન, તેમના પુત્ર અને અભિનેતા અભિષેક બચ્ચન સાથે, પણ સ્વર્ગસ્થ અભિનેતાને અંતિમ વિદાય આપવા પહોંચ્યા હતા. સની દેઓલે પિતાને મુખાગ્નિ આપી હતી. બોલિવૂડના હીમેનના પંચ તત્વમાં વિલિન થઈ ગયા હતા. પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું આજે ૮૯ વર્ષની વયે નિધન થયું છે. તેઓ બોલિવૂડમાં હી-મેનના નામથી પ્રખ્યાત હતા. ધર્મેન્દ્ર લાંબા સમયથી બીમાર હતા અને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. થોડા સમય પહેલાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપી હતી. ધર્મેન્દ્રના નિધનથી બોલિવૂડમાં શોકની લાગણી પ્રસરી છે. હાલ, તેમના પરિવારજનો અને સિનેમા જગતના કલાકારો અને મિત્રો તેમને અંતિમ ઘડીએ અલવિદા કહેવા સ્મશાન પહોંચ્યા હતા. એક્ટર ધર્મેન્દ્રની બીજી પત્ની હેમા માલિની પતિના દેહાંત બાદ અંતિમ સંસ્કારની વિધિ માટે સ્મશાન પહોંચ્યા હતા. આ દરમિયાન હેમા માલિની ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા, તેમની આંખોમાં આંસુ હતા અને પતિને ગુમાવવાનું દુઃખ સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. આ સિવાય ધર્મેન્દ્રની દીકરી એશા દેઓલ પણ સ્મશાન પહોંચી હતી. એશા દેઓલે સફેદ રંગનો ડ્રેસ પહેરેલો હતો અને અશ્રુભિની આંખે પિતાને અલવિદા કહેવા પહોંચી હતી. આ દરમિયાન તેમણે પોતાનો ચહેરો દુપટ્ટાથી ઢાંકી રાખ્યો હતો. એ નોંધવું જોઈએ કે, ધર્મેન્દ્રનો ૯૦મો જન્મદિવસ ૮ ડિસેમ્બરે હતો. જ્યારે તેઓ ઘરે સ્વસ્થ થઈ રહ્યા હતા, ત્યારે અહેવાલો બહાર આવ્યા હતા કે, પરિવાર અભિનેતા માટે જન્મદિવસની ઉજવણીની તૈયારી કરી રહ્યો હતો. પરંતુ તેમના જન્મદિવસના માત્ર ૧૪ દિવસ પહેલા, આ દિગ્ગજ અભિનેતા આ દુનિયાને કાયમ માટે છોડી ગયા. તેમના નિધનથી સમગ્ર ઉદ્યોગમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. ચાહકો પણ આઘાતમાં છે. ચાહકો અને સેલિબ્રિટીઓ હવે સોશિયલ મીડિયા પર આ દિગ્ગજ અભિનેતાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.કામની વાત કરીએ તો, ધર્મેન્દ્ર છેલ્લે કૃતિ સેનન અને શાહિદ કપૂરની ફિલ્મ "તેરી બાતેં મેં ઐસા ઉલ્ઝા જિયા" માં જોવા મળ્યા હતા. તેમની છેલ્લી ફિલ્મ "૨૧" છે, જેનું નિર્દેશન શ્રીરામ રાઘવન દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં, તેઓ અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદાના પિતાની ભૂમિકા ભજવતા જોવા મળશે. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. અભિનેતા ધર્મેન્દ્રના અંતિમ સંસ્કાર પવન હંસ સ્મશાન ઘાટ પર થશે. ધર્મેન્દ્રનું પૂરુ નામ ધર્મેન્દ્ર કેવલ કૃષ્ણ દેઓલ છે. તેમનો જન્મ ૮ ડિસેમ્બર ૧૯૩૫ના પંજાબના નસરાની ગામમાં થયો હતો. ધર્મેન્દ્ર હિન્દી સિનેમાના સૌથી આદરણીય અને લોકપ્રિય સ્ટાર્સમાંના એક છે. સાત દાયકાથી વધુની કારકિર્દીમાં, તેમણે ૩૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો, જેમાં "શોલે", "ચુપકે ચુપકે", "સીતા ઔર ગીતા" અને "ધરમ વીર" જેવી સુપરહિટ ફિલ્મોનો સમાવેશ થાય છે. તેમના સંવાદો હજુ પણ વારંવાર બોલાય છે, જેમાં શોલેની "બસંતી ઈન કુત્તો કે આગે મત નાચના" સૌથી મોટી હિટ ફિલ્મ રહી છે. ધર્મેન્દ્ર ૮૯ વર્ષના હોઈ શકે છે, પરંતુ તેઓ ઉદ્યોગમાં સક્રિય રહ્યા. ધર્મેન્દ્ર તાજેતરમાં "રોકી ઔર રાની કી પ્રેમ કહાની" માં જોવા મળ્યા હતા, ત્યારબાદ "તેરી બાતેં... મેં ઐસા ઉલઝા જિયા" માં જોવા મળ્યા હતા, જ્યાં તેમણે તેમના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેઓ અગસ્ત્ય નંદાની "ઈક્કિસ" માં પણ જોવા મળશે, જે ૨૫ ડિસેમ્બરે રિલીઝ થશે.તેણે ૧૯૬૦ માં "દિલ ભી તેરા હમ ભી તેરે" ફિલ્મમાં અભિનયની કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ તે ૧૯૬૧ની ફિલ્મ "બોય ફ્રેન્ડ"માં સહાયક ભૂમિકામાં જોવા મળ્યો હતો. અસંખ્ય હિટ, સુપરહિટ અને બ્લોકબસ્ટર આપીને ધર્મેન્દ્ર ૬૫ વર્ષ સુધી અભિનયમાં સક્રિય રહ્યા. તેણે શોલે (૧૯૭૫), ચુપકે ચુપકે (૧૯૭૫), સીતા ઔર ગીતા (૧૯૭૨), ધરમવીર (૧૯૭૭), ફૂલ ઔર પથ્થર (૧૯૬૬), જુગનુ (૧૯૭૩), અને યાદો કી બારાત (૧૯૭૩) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

### ૫૩માં CJI બન્યા જસ્ટિસ સૂર્યકાંત

# જસ્ટિસ સૂર્યકાંતને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ લેવડાવ્યા શપથ

## જસ્ટિસ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો

નવી દિલ્હી, તા.૨૪

જસ્ટીસ સૂર્યકાંતને આજે સવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતના સીજેઆઈ પદના શપથ લેવડાવ્યા. તેઓ પૂર્વ સીજેઆઈ બી આર ગવઈની જગ્યા લેશે. જસ્ટિસ સૂર્યકાંત ભારતના ૫૩માં સીજેઆઈ છે. અત્રે જણાવવાનું કે સીજેઆઈ બી આર ગવાઈ ૨૩ નવેમ્બરે રિટાયર થયા. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે ૨૪મી મે ૨૦૧૯ના રોજ પ્રમોટ થયેલા જસ્ટિસ સૂર્યકાંતનો સીજેઆઈ તરીકેનો કાર્યકાળ એક વર્ષ ૨ મહિનાથી વધુ રહેશે. તેઓ ૯ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ રિટાયર થશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસની રિટાયરમેન્ટની ઉંમર ૬૫ વર્ષ છે.

જસ્ટિસ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. જસ્ટિસ સૂર્યકાંત પીઠમાં બે દાયકાના અનુભવ સાથે દેશના સીજેઆઈનું પદ ગ્રહણ કરશે. તેમના ઐતિહાસિક નિર્ણયોમાં કલમ ૩૭૦ની જોગવાઈઓ નાબૂદ કરવી, અભિવ્યક્તિની સ્વતંત્રતા, લોકતંત્ર, ભ્રષ્ટાચાર, પર્યાવરણ અને લૈંગિક સમાનતા સંબંધિત ઐતિહાસિક નિર્ણયો સામેલ છે.

જસ્ટિસ સૂર્યકાંતએ પીઠનો ભાગ હતા જેણે ઔપનિવેશન કાળના રાજદ્રોહ કાયદા પર રોક લગાવી હતી અને નિર્દેશ આપ્યો હતો કે સરકાર તરફથી સમીક્ષા થાય ત્યાં સુધી તે હેઠળ કોઈ નવી એફઆઈઆર ન નોંધવામાં આવે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતાને રેખાંકિત કરનારા એક આદેશમાં તેમણે ચૂંટણી પંચને બિહારમાં જીૈંઇ બાદ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી હટાવવામાં આવેલા ૬૫ લાખ નામોની વિગતો આપવા જણાવ્યું હતું.

જસ્ટિસ સૂર્યકાંતને એ નિર્દેશ આપવાનો પણ શ્રેય જાય છે જેમાં સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સહિત બાર એસોસિએશનોમાં એક તૃતિયાંશ સીટો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે. તેમે રક્ષા દળો માટે વન રેંક વન પેન્શન (OROP) યોજનાને બંધારણીય રીતે કાયદેસર ગણાવતા તેને યથાવત રાખી અને સેનામાં સ્થાયી કમિશનમાં સમાનતાની માંગણી કરનારા સશસ્ત્ર દળોની મહિલા અધિકારીઓની અરજીઓ પર સુનાવણી ચાલુ રાખી.

જસ્ટિસ સૂર્યકાંત સાત જજોની એ બેન્ચમાં પણ સામેલ હતા જેણે ૧૯૬૭ના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના નિર્ણયને ફગાવ્યો હતો જેનાથી સંસ્થાનના અલ્પસંખ્યક દરજ્જા પર પુર્નવિચારનો રસ્તો ખુલ્યો હતો. તે પેગાસસ સ્પાયવેર મામલાની સુનાવણી કરનારી બેન્ચનો પણ ભાગ હતા જેણે ગેરકાયદેસર નિગરાણીના આરોપોની તપાસ માટે સાઈબર વિશેષજ્ઞોની એક પેનલ નિયુક્ત કરી હતી. આ ઉપરાંત તેઓ એ પીઠનો પણ ભાગ રહ્યા જેણે પીએમ નરેન્દ્ર મોદીની ૨૦૨૨ની પંજાબ યાત્રા દરમિયાન સુરક્ષા ભંગની તપાસ માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ ઈન્દુ મલ્હોત્રાની અધ્યત્રતામાં પાંચ સભ્યની સમિતિ નિયુક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે આવા મામલાઓ માટે "ન્યાયિક રીતે પ્રશિક્ષિત દિમાગ"ની જરૂર હોય છે.

# ૨૫ નવેમ્બર, ''સાધુ વાસવાણી જન્મદિવસ - આંતરરાષ્ટ્રીય મીટ લેસ




અમરેલી, તા. ૨૪

દર વર્ષે ૨૫ નવેમ્બરે કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણી જીવમાત્રના સેવક સાધુ ટી.એલ. વાસવાણીજીનાં જન્મદિવસે ''આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે'' ઉજવવામાં આવે છે. સાધુ વાસવાણીજીનું સંપૂર્ણ જીવન સમાજ સેવા થકી પ્રભુ સેવાનાં કાર્યોમાં જ પસાર થયું હતું. ૧૯૯૩માં હૈદરાબાદમાં કન્યાઓ માટે સેન્ટ મીરા સ્કુલની સ્થાપના કરી તેઓએ કન્યા કેળવણી (શિક્ષણ) પર ભાર મુકયો, કારણ કે તેઓ માનતા હતા કે જે ઘરમાં સ્ત્રી શિક્ષિત હશે તે આખું કુટુંબ શિક્ષિત બનશે. તેઓ અભ્યાસમાં ચારિત્ર્ય નિર્માણ પર ભાર મુકતા સાદગી, સેવા, પવિત્રતા અને પ્રાર્થના તેમના મુખ્ય ચાર સિધ્ધાંતો રહ્યા હતાં. તેઓ કહેતા કે માસ ન ખાવાથી આપણે ઘણી બધી બિમારીઓ જેવી કે મેદવૃદ્ધિ, હૃદયને લગતી બિમારીઓ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અમુક પ્રકારનાં કેન્સર (ખાસ કરીને ફેફસાના કેન્સરથી) બચી શકીએ છીએ. માસ શાકભાજી કરતા મોંઘુ હોવાથી તેનો વપરાશ બંધ કરવાથી નાણાની બચત પણ કરી શકાય છે ઉપરાંત માસ ખાવાથી થતી બિમારીઓનો જોખમ ઘટવાથી દવાઓ પાછળ થતા ખર્ચને પણ બચાવી શકાય છે અને આ રીતે સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુધારા દ્વારા આપણે દેશ માટે વધુ ઉપયોગી કાર્ય કરી શકીએ છીએ.

માંસાહાર એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિકસ-પેક એબ્સવાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ જ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યકિતને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેકસ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શકયતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એકસપટર્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શકિતશાળી અને બુધ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દુર રહેવું જોઈએ.

લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા દુઃખ વ્યક્ત કરાયું

# ધર્મેન્દ્રના નિધન પર મોદીએ કહ્યું આ ભારતીય સિનેમાના એક યુગનો અંત છે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી

મુંબઈ, તા.૨૪

ભારતીય ફિલ્મ જગત માટે એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. બોલિવૂડના સુપરસ્ટાર અને હી-મેન તરીકે જાણીતા ધર્મેન્દ્ર દેઓલનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે.

હિન્દી સિનેમામાં પોતાના દમદાર અભિનય અને આગવી શૈલીથી કરોડો દિલો પર રાજ કરનાર આ દિગ્ગજ અભિનેતાની વિદાયથી સમગ્ર દેશમાં શોકની લહેર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે અને તેમના નિધનને ભારતીય સિનેમાના એક સુવર્ણ યુગનો અંત ગણાવ્યો છે. ધર્મેન્દ્રના નિધન પર શોક વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક હૃદયસ્પર્શી સંદેશ લખ્યો છે. પીએમ મોદીએ લખ્યું, "ધર્મેન્દ્રજીનું નિધન એ ભારતીય સિનેમામાં એક યુગના અંત સમાન છે. તેઓ એક અદ્ભુત કલાકાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ હતા, જેમણે પોતાની દરેક ભૂમિકામાં એક અલગ જ આકર્ષણ અને ઊંડાણ ઉમેર્યું હતું. તેમણે ભજવેલા વિવિધ પાત્રો અસંખ્ય લોકોના હૃદયને સ્પર્શી ગયા છે. ધર્મેન્દ્રજી તેમની સાદગી, નમ્રતા અને હૂંફ માટે હંમેશા પ્રશંસનીય રહેશે. આ દુઃખદ સમયમાં મારી સંવેદના તેમના પરિવાર, મિત્રો અને કરોડો ચાહકો સાથે છે. ઓમ શાંતિ." રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા પણ એક્ટરના નિધનને લઈને સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે.

દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર છેલ્લા લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓનો સામનો કરી રહ્યા હતા. તેમને ખાસ કરીને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. અહેવાલો મુજબ, તેમને નિયમિત તપાસ અને સારવાર માટે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડા સુધારા બાદ પરિવાર તેમને ઘરે લાવ્યો હતો અને ત્યાં જ તેમની દેખરેખ માટે ડોકટરો અને એમ્બ્યુલન્સ સહિતની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, તમામ પ્રયાસો છતાં તેમની તબિયત લથડતી ગઈ અને અંતે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના સ્વાસ્થ્યની ગંભીરતા જોઈને સલમાન ખાન, શાહરૂખ ખાન અને ગોવિંદા સહિતના બોલિવૂડ સ્ટાર્સે પણ તેમની મુલાકાત લીધી હતી.

### સાઇટસ પર ૧૨ નવેમ્બરે મોટો સાયબર એટેક થયો હતો

# સાયબર એટેકથી વોલ સ્ટ્રીટમાં ખળભળાટ, સેંકડો બેન્કોના ડેટાની ચોરી

## હેકર્સે કયાં ડેટાની તફડંચી કરી હતી, તેનું મૂલ્યાંકન કરવામાં કંપનીને બે સપ્તાહ લાગ્યાં હતાં

ન્યૂયોર્ક, તા.૨૪

જેપી મોર્ગન, સિટી અને મોર્ગન સ્ટેન્લી જેવી અમેરિકાની દિગ્ગજ બેન્કોને ટેકનોલોજી સર્વિસ પૂરી પાડતી કંપની સાઇટસ AMC પર એક મોટા સાયબર એટેકથી વોલસ્ટ્રીટમાં ખળભળાટ મચ્યો હતો. આ સાયબર એટેકને પગલે વિશ્વભરમાં ફેલાયેલી આ બેન્કોના સંવેદનશીસ લોન અને ગ્રાહક ડેટાની ચોરી થઈ હોવાની આશંકા છે.સાઈટસ પર ૧૨ નવેમ્બરે મોટો સાયબર એટેક થયો હતો અને કંપનીએ મોટાપાયે ડેટા ચોરી થઈ હોવાની બાબતને શનિવારે પુષ્ટી આપી હતી. હેકર્સે કયાં ડેટાની તફડંચી કરી હતી, તેનું મૂલ્યાંકન કરવામાં કંપનીને બે સપ્તાહ લાગ્યાં હતાં. સાઈટસ અમેરિકાની સેંકડો બેંકો અને નાણા સંસ્થાઓની ટેકનોલોજી વેન્ડર છે. તે લોનની સમગ્ર પ્રોસેસ, હપ્તાની ચુકવણી, પેમેન્ટ કલેક્શન જેવા મહત્ત્વપૂર્ણ કાર્યો સંભાળે છે. તેથી આ સાયબર એટેકથી મોટાપાયે ડેટાચોરી થઈ હોવાની શક્યતા છે.તપાસ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર જેપી મોર્ગન ચેઝ, સિટીગ્રુપ અને મોર્ગન સ્ટેનલી સહિતની બેંકોને તાકીદ કરાઈ છે કે તેમના ક્લાયન્ટ ડેટાની ચોરી થઈ હોવાની શક્યતા છે. કંપનીએ પુષ્ટિ આપી હતી કે હોમ લોન સંબંધિત માહિતી લીક થઈ છે. આનાથી હેકર્સને લોનધારકોની વ્યક્તિગત નાણાકીય વિગતોની પણ માહિતી પણ મળી હોઈ શકે છે.સાઈટસ એએમસીએ જણાવ્યું હતું કે સાયબર હુમલાની જાણ થયા પછી તેને તરત જ કાર્યવાહી કરી હતી અને ફોરેન્સિક નિષ્ણાતો અને ફેડરલ સત્તાવાળાઓ સાથે કામ કરી રહી છે. સિસ્ટમને રાબેતા મુજબની કરવામાં આવી રહી છે. બેંકોએ પોતે વિગતવાર જાહેર નિવેદનો આપ્યા નથી, પરંતુ આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટનાને પગલે ફાઈનાન્શિયલ સેક્ટરમાં તાત્કાલિક આંતરિક સમીક્ષાઓ શરૂ થઈ છે.આ સમગ્ર ઘટનાની તપાસ ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ પોતાના હાથમાં લીધી હતી. એજન્સી હેકર્સે કેવી રીતે ડેટાનો એક્સેસ મેળવ્યો તેની તપાસ ચાલુ કરી હતી. એફબીઆઈના વડા કશ્યપ પટેલે જણાવ્યું હતું કે એજન્સી પ્રભાવિત નાણા સંસ્થાઓ સાથે નજીકથી કામ કરી રહી છે. અત્યાર સુધી બેંકિંગ સિસ્ટમમાં કોઈ સંચાલકીય વિક્ષેપ આવ્યો નથી. પુરાવાઓના વિશ્લેષણ પછી વધુ સ્પષ્ટતા કરવામાં આવશે.

# શાખાનાં પુષ્પો

નાગપુરની અંદર એક વ્યક્તિનું મોટું નામ હતું. તે પોતાની જાતને જનરલ કહેડાવતા.નાગપુરમાં થતી તમામ સભામાં અધ્યક્ષ સ્થાન પોતે જ શોભાવશે તેવું તેણે નક્કી કરી રાખેલું. જો તેને અધ્યક્ષ ન બનાવાય તો સભામાં આવી ગરબડ ઊભી કરતા. સંઘ સ્થાપક ડોકટર હેડગેવાના એક મિત્ર નાગપુરમાં સભા સંબોધવા આવ્યા. આયોજકોને ડર હતો કે જનરલ સભા નહીં થવા દે પરંતુ ડોકટર સાહેબે સુરક્ષાનું આશ્વાસન આપ્યું.સભા શરૂ થતા જનરલ પોતાના સાથીઓ સાથે આવી પહોંચ્યા. ડોકટર સાહેબે તેનું સ્વાગત કરી પોતાની બાજુમાં બેસાડી દીધા. મંચ પરથી જનરલ અને તેના સાથીઓની ખૂબ ટીકાઓ થઈ, જનરલ ખૂબ ગુસ્સે થયા પરંતુ ડોકટર સાહેબની ભવ્ય અને ગંભીર મુદ્રા જોઈ તેઓ ચૂપચાપ

રજૂઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

બેસી રહ્યા. તેઓ કેમ ચૂપ રહ્યા તે વિશે સભા પૂરી થયા પછી કોઈએ પૂછતા તેણે કહ્યું, 'શું કરૂં ડોકટરજી મારી બાજુમાં જ બેઠા હતા ને.

**સોડમ :** વ્યક્તિનું વ્યક્તિત્વ એવું હોવું જોઈએ કે તેની હાજરીથી જ શત્રુઓ ભયભીત બને.

### ૮૯ વર્ષની ઉંમરે ધર્મેન્દ્ર પાસે હતી કેટલી સંપત્તિ?

# ધર્મેન્દ્ર પાસે ૧૦૦ એકરનું ફાર્મ હાઉસ, ૧૨ એકરનો રિસોર્ટ

## ધર્મેન્દ્ર સિંહ દેઓલ તરીકે જન્મેલા આ અભિનેતાએ તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા

મુંબઈ, તા.૨૪




બોલિવૂડના હી-મેન અને ધરમ પાજી તરીકે જાણીતા દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું આજે ૮૯ વર્ષની વયે નિધન થયું છે. તેમના નિધનથી છ દાયકાથી વધુનો બેજોડ વારસો પાછળ રહી ગયો છે. ધર્મેન્દ્ર સિંહ દેઓલ તરીકે જન્મેલા આ અભિનેતાએ તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા અને તેમને આ મહિનાની શરૂઆતમાં શ્વાસ લેવામાં તકલીફના કારણે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ધર્મેન્દ્રના નિધનથી તેમનો પરિવાર શોકમગ્ન છે.

૩૦૦થી વધુ ફિલ્મો અને કરોડોની સંપત્તિ- પંજાબમાં ધરમ સિંહ દેઓલ તરીકે જન્મેલા ધર્મેન્દ્રએ ૧૯૬૦માં "દિલ ભી તેરા હમ ભી તેરે" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો. આ ફિલ્મમાં અભિનય માટે તેમને માત્ર ૫૧ રૂપિયા મળ્યા હતા. ત્યારબાદ બ્લોકબસ્ટર હિટ ફિલ્મો, પ્રશંસકોના દિલમાં છવાઈ ગયેલી ફિલ્મો અને ૩૦૦થી વધુ ફિલ્મો સાથે તેમની ફિલ્મોગ્રાફીનો આરંભ થયો. ધર્મેન્દ્રએ સિનેમા, આતિથ્ય, રિયલ એસ્ટેટ અને પ્રોડક્શનમાં તેમની વ્યાપારી સમજણનો પરિચય આપ્યો છે. આજે તેમની સંપત્તિ ૪૫૦થી ૪૮૦ કરોડ રૂપિયા છે અને આ માત્ર ફિલ્મોની જ મહેનત નથી.



૧૦૦ એકરનું લકઝરી ફાર્મહાઉસ- લોનાવલાની ધુમ્મસ ભરેલી પહાડીઓમાં છુપાયેલું ધર્મેન્દ્રનું વિશાળ ૧૦૦ એકરનું ફાર્મહાઉસ, જે કોઈ શાહી સંપત્તિથી ઓછું નથી. આ તે જગ્યા છે જ્યાં અભિનેતા મુંબઈની ભાગદોડથી દૂર થઈને પોતાની સ્ટાઈલમાં આરામના પળો વિતાવતા હતા. ધર્મેન્દ્ર આજે પણ એક્વા થેરાપી સેશન લેતા હતા, આ ફાર્મહાઉસ પહાડીઓ વચ્ચે આવેલું એક સ્વર્ગ છે. ૩૦ કોટેજવાળો એક શાનદાર રિસોર્ટ- ધર્મેન્દ્રનો બિઝનેસ સેન્સ માત્ર રેસ્ટોરન્ટ સુધી મર્યાદિત નથી. ૨૦૧૫ના એક આર્થિક રિપોર્ટ અનુસાર, તેમણે લોનાવલામાં તેમના ફાર્મહાઉસની નજીક ૧૨ એકરના પ્લોટ પર ૩૦ કોટેજવાળો એક શાનદાર રિસોર્ટ બનાવવા માટે એક રેસ્ટોરન્ટ કંપની સાથે ભાગીદારી કરી હતી. આ ઉપરાંત, ધર્મેન્દ્ર પાસે મહારાષ્ટ્રમાં કરોડોની સંપત્તિ છે, જેમાં લગભગ ૧૭ કરોડ રૂપિયાની અન્ય પ્રોપર્ટીઝ પણ સામેલ છે. તેમણે કૃષિ અને બિન-કૃષિ જમીનમાં પણ લાખોનું રોકાણ કર્યું છે.

લકઝરી કારોના માલિક- ધર્મેન્દ્રને કારોનો પણ શોખ છે અને તેમની પહેલી કાર, એક વિન્ટેજ ફિયાટ, આજે પણ એક બેશકીમતી સંપત્તિ છે. સાથે એક રેન્જ રોવર ઈવોક છે, જેની કિંમત ૮૫.૭૪ લાખ રૂપિયા છે. સાથે સીષ્ઠિદ્બીજ-મીહડ જીન્૫૦૦ છે, જેની કિંમત લગભગ ૯૯.૧૧ લાખ સુધી છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર શકિત ગુરૂકુળ ખાતે શ્રીમદ્ ભાગવત્ ગીતા કંઠપાઠ અને સતસુભાષિત કંઠપાઠની ઉજવણી



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત સંસ્કૃત શકિત ગુરૂકુળ – ચલાલા ખાતે શ્રીમદ્ ભગવત ગીતા યોજના અંતર્ગત ગીત કંઠપાઠ અને સત સુભાષિત કંઠ પાઠની સ્પર્ધાની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ સ્પર્ધામાં ધારી, બગસરા અને કુંકાવાવ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત પુ.સંત ડો. રતિદાદ, પધારેલ મહેમાનો, નિરીક્ષકો દ્વારા દીપ પ્રાગટય દ્વારા થઈ. પુ. દાદા દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન આપી આર્શીવચન પાઠવ્યા. સ્પર્ધામાં સહભાગી બાળકો દ્વારા ખુબ સુંદર રીતે ગીતાના શ્લોક તેમજ સુભાષિતોનું લય અને તાલ સાથે ગાયન કરવામાં આવ્યું. ભગવદ્ ગીતના શ્લોકથી સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. આ સ્પર્ધામાં આયોજન અને સંચાલન શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના શિક્ષક કમલેશભાઈ ભટ્ટી, સંસ્કૃત ગુરૂકુળના પ્રાધ્યાપક વેદાંતભાઈ તથા અદિતીબેન મુખ્ય નિરીક્ષકની ભૂમિકા અદા કરી હતી. ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા આ સુંદર કાર્યક્રમને બિરદાવવામાં આવ્યો તેમજ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## પ્રાણકુંજ જૈન ગુરૂકુળ દ્વારા વડિયામાં જરૂરિયાતમંદોને ગરમ ધાબળાનુ વિતરણ કરાયુ

### ગરીબ પરિવારોમાં રાહત ફરી વળી




વડિયા, તા. ૨૪

વડિયામાં આવેલી જૈન મુની તપસ્વી રતિલાલજી મહારાજની તપોભૂમિ એવા પ્રાણકુંજ દ્વારા શિયાળ ાની કળકળતી ઠંડીમાં જરૂરિયાત મંદ લોકોને રક્ષણ મળે તેવા સેવાના શુભ આશયથી ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમા પૂજય ગુરૂદેવ રતીલાલજી મહારાજના વડિયા આગમનથી પ્રેરાઈને વર્ષોથી સેવા આપતા સેવાભાવી સભ્યો દ્વારા આ ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. આ સંસ્થામાં સેવા આપતા મુખ્ય લોકોમાં લાભૂબેન કે જેઓ સાધુ સંતોની વ્યોવચ સેવા કરતા ગુઢદેવની પ્રેરણાથી સતત સેવા કાર્યો સાથે જોડાયેલા છે.

આહીર નારણભાઈ, ભેડા જેઓ વર્ષોથી ગૌશાળા માટે ગાયોનો ચારો પહોંચાડવાની નિષ્ઠાપૂર્વક સેવા કરે છે. હર્ષદભાઈ પંચમીયા જેઓ પ્રાણી તૃપ્તિ સેવા મંડળ મારફતે નિરાધાર ગાયો અને પક્ષીઓને ચારો–ચણ પૂરૂ પાડે છે. ભકાભાઈ મૂળિયા જેઓ લાંબા સમયથી સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પક્ષીઓ તથા ખિસકોલી વગેરે નિર્વાચર જીવજંતુઓની સેવા સતત ચાલુ રાખી છે. આ કાર્યક્રમમાં મહેમાન તરીકે મહાસુખભાઈ ગાંઠાણી સહીત આ સંસ્થા સાથે સેવાકીય પ્રવૃતીથી જોડાયેલા લોકો હાજર રહી જરૂરિયાત મંદ લોકોને ગરમ ધાબળાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ વિતરણથી જરૂરિયાત મંદ લોકોમાં ખુશી ફેલાઈ હતી અને લોકો પ્રાણકુંજનો આભાર વ્યકત કરતા જોવા મળ્યા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૬ | ૧૨૫૮ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૮૦ | ૧૩૩૯ |
| ૩ | શિંગ મોટી | ૯૭૧ | ૧૪૧૨ |
| ૪ | શિંગદાણા | ૧૦૯૫ | ૧૩૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૫૦ | ૩૦૦૦ |
| ૬ | તલ કાળા | ૨૮૪૦ | ૫૫૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૩૯૦ |
| ૯ | જુવાર | ૯૧૦ | ૯૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૫૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૭૪ |
| ૧૨ | મગ | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૩ | અડદ | ૮૫૦ | ૧૦૭૬ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૦૬૦ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૯૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૬૯૦ | ૧૮૨૦ |
| ૧૭ | ચોળી | ૬૪૦ | ૬૪૦ |
| ૧૮ | તુવેર | ૮૬૦ | ૧૨૦૧ |
| ૧૯ | વાલ | ૧૦૯૯ | ૧૦૯૯ |
| ૨૦ | કપાસ | ૯૦૦ | ૧૫૯૨ |
| ૨૧ | એરંડા | ૧૦૫૩ | ૧૩૦૮ |
| ૨૨ | જીરૂ | ૨૮૦૦ | ૪૦૫૦ |
| ૨૩ | ધાણા | ૧૨૩૦ | ૧૬૭૭ |
| ૨૪ | મેથી | ૮૦૦ | ૧૦૨૮ |
| ૨૫ | સોયાબીન | ૬૩૦ | ૯૮૧ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં સરકારી મકાનો**

કવાટર્સનું બાંધકામ પ્રગતિ તળે છે આથી જયુડિશિયલ સ્ટાફને પણ નવા આવાસીય બિલ્ડિંગની પણ ભેટ મળશે.

જિલ્લામાં દરેક સરકારી બિલ્ડિંગ સહિતના બાંધકામો ગુણવત્તાલક્ષી ધોરણે અને ત્વરાએ સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે અમરેલી માર્ગ અને મકાન વિભાગ–રાજય સતત કાર્યરત છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૩ | ૧૫૯૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૭ | ૧૫૦૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૪૧ | ૧૩૨૫ |
| ૩ | મગફળી | ૯૦૧ | ૧૩૩૫ |
| ૪ | સોયાબીન | ૭૪૧ | ૭૭૧ |
| ૫ | ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| ૬ | મેથી | ૮૧૧ | ૮૧૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૫૪૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૬૦ | ૧૨૭૦ |
| ૩ | મગફળી | ૧૦૨૦ | ૧૩૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૬૦ | ૨૧૭૦ |
| ૫ | જીરૂ | ૩૩૧૦ | ૪૦૦૦ |
| ૬ | ઘઉં | ૪૬૪ | ૫૯૦ |
| ૭ | ચણા | ૯૩૦ | ૧૧૨૧ |
| ૮ | અડદ | ૯૯૦ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૭૯૫ | ૮૬૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૧૫૦ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૪૧૨ |
| ૩ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૪૯૦ |
| ૪ | તલ કાળા | ૩૬૯૭ | ૫૧૦૧ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૮ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૯૦ |
| ૯ | જુવાર | ૮૧૦ | ૧૨૧૬ |
| ૧૦ | અડદ | ૮૧૫ | ૧૧૫૩ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૫૧ |
| ૧૨ | મેથી | ૯૧૧ | – |
| ૧૩ | રાય/રાયડો | ૧૭૫૨ | – |
| ૧૪ | સોયાબીન | ૭૮૦ | ૮૮૯ |

પાના ૧ ઉપરનું ચાલું **ચિત્તલ મુકામે આવતીકાલે**

ભાઈઓ, બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે. સફાઈ, સજાવટ, ટ્રાન્સપોર્ટ એમ દરેક કામોને અલગ અલગ કમિટી દ્વારા જીણવટથી અંજામ અપાઈ રહ્યો છે.

ચિતલના બોહરા સમાજ માટે સોનાનો દિવસ ઊગવા જઈ રહ્યો છે ત્યારે મસ્જિદ, મવાઈદ, કબ્રસ્તાન, મરકઝ, રોડ રસ્તાઓને શાનદાર રીતે આખરી ઓપ આપી રહ્યા છે.

એમ આબિદભાઈ લક્ષ્મીધર (ખાદી કાર્યાલય વાળા)ની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં સીમરણ ગામની**

પત્રમાં જણાવેલ છે કે, મેં ૧૫ વર્ષથી વધારે બીએલઓ તરીકે કામ કરેલ છે. હાલ સવારના ૫ વાગ્યાથી રાત્રીના ૧ વાગ્યા સુધી કામગીરી કરી ૫૦% કામગીરી પુરી કરી છે.

મારે બદલે તા. ૨૨/૬/૨૫ના આંગણવાડી વર્કરના બીએલઓ તરીકે ઓર્ડર થયેલ જે બે માસમાં રદ કરી તા. ૧૬/૯/૨૫ના ફરીવાર મારો ઓર્ડર જબરજસ્તીથી થયેલ છે ચુંટણી આયોગના માર્ગદર્શન પ્રમાણે અન્ય ૧૨ કેડરને પણ આ કામગીરી સોપી શકાય છે.

વધુમાં જણાવેલ છે કે, કાયદાકીય રીતે મારો ઓર્ડર રદ થવા પાત્ર ન હોય પરંતુ અંગત સ્વાર્થ લાભ અને વૈમનસ્યને લીધે જબરદસ્તીથી મારો બીએલઓ તરીકે ઓર્ડર કરેલ છે. મારી ઉંમર ૫૬ વર્ષ હોય નિવૃતિને ૨ વર્ષ માટે બાકી હોય તેમ સતા જબરદસ્તીથી મારી ઉપર આ કામગીરીનો બોજ લાદવામાં આવેલ છે. હું અતિ ટેન્સનમાં રહું છું. આ કામગીરીથી કંટાળી ઘણા બીએલઓએ આત્મહત્યા કરેલ છે જેથી મારા જીવને કોઈપણ પ્રકારનું જોખમ થશે કે કોઈ અઘટીત બનશે તો તેની સંપુર્ણ જવાબદારી સક્ષમ અધિકારીની રહેશે તો મને આ કામગીરીથી મુકત કરવા વિનંતી જો આપ મને મુકત કરવા ન માગતા હો તો હું મારી સર્વિસમાંથી સ્વૈચ્છીક રાજીનામુ આપવા માગુ છું તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૧૮૩ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૧ | ૨૧૭૧ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૪૭૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૭૦ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૮૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૧૦ |
| ૭ | જુવાર | ૫૮૦ | ૯૩૦ |
| ૮ | મકાઈ | ૫૭૦ | ૫૭૦ |
| ૯ | મગ | ૧૬૧૬ | ૧૭૦૧ |
| ૧૦ | અડદ | ૧૦૨૬ | ૧૦૨૬ |
| ૧૧ | તુવેર | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૨૧ |
| ૧૩ | જીરૂ | ૩૫૮૦ | ૩૭૦૦ |
| ૧૪ | સોયાબીન | ૫૮૧ | ૮૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૫૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૩૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૨૯ |
| ૪ | અડદ | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ૫ | ચોળા | ૬૪૫ | ૬૪૫ |
| ૬ | ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| ૭ | ધાણા | ૧૦૩૦ | ૧૮૭૧ |
| ૮ | તુવેર | ૧૦૧૦ | ૧૧૪૦ |
| ૯ | મેથી | ૭૪૦ | ૮૫૧ |
| ૧૦ | લસણ | ૩૬૫ | ૮૩૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૫૨૧ | ૯૦૪ |
| ૧૩ | સીંગફાડા | ૧૧૧૫ | ૧૨૦૧ |
| ૧૪ | મગફળી | ૬૨૧ | ૧૦૫૧ |
| ૧૫ | મકાઈ | ૩૪૫ | ૩૪૫ |
| ૧૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ૧૭ | ચણા છોલે | ૧૫૫૧ | ૧૬૩૦ |
| ૧૮ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૦૫ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા ખાતે લોકાર્પણ, ભૂમિપૂજન**

અને જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના અગ્રણીઓ બાઈકમાં બેસી યુવા મોરચાનું પ્રોત્સાહન આપી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. અહીં ભગવતપરામાં રૂા. ૪ કરોડના માર્ગોનું ઉર્જામંત્રી દ્વારા ભૂમિપૂજન કર્યુ હતું ત્યારબાદ રૂા. ૨.૬૦ કરોડના ખર્ચે તૈયાર નવનિયુકત પાલિકા કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને શહેર સહિતનું સ્નેહમિલન યોજાયું હતું અને છેલ્લે બાબરા નગરપાલિકા, શહેર ભાજપ, તાલુકા ભાજપ, જિલ્લા પંચાયતના સભ્યો, વિવિધ મોરચા તેમજ દરેક સમાજના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ, યુવક મંડળ, જિન એસોશિયન સહિતના અગ્રણીઓ દ્વારા રાજય સરકારના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાનું ભવ્ય સન્માન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, મહામંત્રી રમેશભાઈ સાંગડિયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, નીતિનભાઈ રાઠોડ, નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશભાઈ નાકરાણી, પાલિકા કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન ભુપતભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા, બાવકુભાઈ બસિયા, નરેશભાઈ મારૂ સહિત નગરપાલિકા, તાલુકા પંચાયત સભ્યો તથા શહેર અને તાલુકા ભાજપના અગ્રણી સહિત સામાજીક અને રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અહીં કૌશિકભાઈ વેકરિયા દ્વારા જણાવ્યું હતું કે, બાબરા સહિત જિલ્લામાં વર્ષો બાદ વિકાસના દ્વાર ખુલ્યા છે. આજદીન સુધી જે વિકાસના કામો નથી થયા તે ત્રણ વરસમાં થયા છે. રાજય સરકાર દ્વારા કોથળા ભરી વિકાસના કામ જિલ્લામાં આપી રહ્યા છે. સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા જણાવ્યું હતું જે જે વિકાસનું કામનું ભુમીપૂજન થાય એનું લોકાર્પણ પણ ભાજપ સરકાર દ્વારા થાય છે તેવું જણાવી નગરપાલિકા નવનિયુકત બનાવવા માટે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા અને પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયાનાં અથાગ પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. વધુમાં તેમણે બાબરાથી જાફરાબાદ સુધી જિલ્લામાં કયાંય વિકાસના કામ લેવાના હોય તો ટિમ અમરેલી બની અમે રાજય સરકારમાં કામ લાવીએ છીએ. પાંચ ધારાસભ્ય, સાંસદ અને જિલ્લા પ્રમુખ મળી જિલ્લાના વિકાસ કરવામાં ચિંતા અને ચિંતન કરી રહ્યા છીએ. તેઓએ વધુમાં કહ્યું હતું કે બાબરા–અમરેલી ફોર લાઈન વર્ષોથી માંગ થઈ રહી છે હવે તેનું કામ સંપાદનમાં છે નજીકમાં દિવસોમાં બાબરા–અમરેલી ફોર લાઈન બનશે. આટલું કહી તેઓએ હિન્દીમાં શાયરી કહી વિરોધીને જવાબ આપ્યો હતો. તાજેતરમાં એક કાર્યક્રમમાં તેઓ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની રજવાડા ભળવા બાબતે આંકડો ખોટો બોલાયો હતો તેમાં તેઓએ જણાવ્યું હતું અમે કામ કરવામાં માનીએ છીએ આટલું કહી તેણે હિન્દીમાં શાયરી કહી હતી.

પોતાના ખોટા અપ્રચાર બાબતે સાંસદ સુતરીયાએ વિરોધીઓ પર આકરી ઝાટકણી કાઢતા તેઓ બોલયા

કયું ના મે બદલું તુમ વહી હો કયા...
માના મેં ગલત હું તુમ સહી હો કયા......

પછી સહન કરવાની શકિત જોઈએ ને તેવું કહીને વિરોધીઓ પર પ્રહારો કર્યાહતા.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા ધારાસભ્ય તરીકે વિસ્તારમાં વિકાસ ગણાવી તેઓએ કહ્યું હતુ કે શહેરમાં રૂા. ૪૭ કરોડના કામો થયા છે અને આગળ હજુ થવાના છે લોકોની સુખાકારી, સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર કટિબદ્ધ હોવાનું અંતમાં જણાવ્યું હતુ.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા પ્રાસંગિક સંબોધન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નગરપાલિકા સભ્યો, કર્મચારીઓ અને શહેર સંગઠનના કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૮૬ | ૧૪૨૫ |
| ૨ | કપાસ કોડી | ૯૧૧ | ૧૧૮૬ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૧૧૮૭ |
| ૪ | ઘઉં | ૫૨૫ | ૫૫૫ |
| ૫ | ચણા | ૯૭૦ | ૧૦૬૦ |
| ૬ | સફેદ ચણા | ૧૧૬૧ | ૧૬૦૦ |
| ૭ | તુવેર | ૧૦૦૫ | ૧૨૪૫ |
| ૮ | મગ | ૮૦૦ | ૧૪૦૦ |
| ૯ | અડદ | ૧૦૦૧ | ૧૨૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૨૮૦ |
| ૧૧ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૧૮ | ૮૩૦ |

# અમરેલીમાં પોલીસ અધિક્ષક કચેરી ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો





અમરેલી એસ.પી. ઓફિસ ખાતે અમરેલી જિલ્લા જેલના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે સાયબર ક્રાઈમથી બચાવ અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા ખાસ સાયબર પ્રિવેન્શન અને અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અમરેલી સાયબર ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા સંચાલિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ અધિકારીઓ અને સ્ટાફને વધતા સાયબર જોખમો, ઓનલાઈન છેતરપિંડી, નકલી લિંક, ઓટીપી ફ્રોડ, બેંકિંગ ફ્રોડ તેમજ સોશિયલ મીડિયા સિક્યુરિટી અંગે માહિતગાર કરવાનો હતો. સાયબર ક્રાઈમ ટીમે વિવિધ ઉદાહરણો અને લાઈવ ડેમો દ્વારા સમજાવ્યું કે કેવી રીતે સામાન્ય ભૂલો મોટા સાયબર હુમલા અથવા આર્થિક નુકસાનમાં પરિવર્તિત થઈ શકે છે. સાથે જ સુરક્ષિત પાસવર્ડ, ટૂ–ફેક્ટર ઓથેન્ટિકેશન, અજાણી લિંક પર ક્લિક ન કરવી, ગોપનીય માહિતી શેર ન કરવી જેવી જરૂરી સાવચેતીઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન અધિકારીઓએ પણ સાયબર ક્રાઈમ સંબંધિત પ્રશ્નો પૂછયા અને ટીમે તેની વિગતવાર સમજ આપી. આ જાગૃતિ કાર્યક્રમથી પોલીસ કર્મચારીઓને સાયબર જોખમોથી સાવચેત રહેવામાં અને અન્ય નાગરિકોને પણ માર્ગદર્શન આપવામાં મદદ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત થયો.

### લોકસભાની ચૂંટણી બાદ સૌ પ્રથમ વળતો પ્રહાર કર્યો

## બાબરાના જાહેર કાર્યક્રમમાં સાંસદ સુતરીયાએ વિરોધીઓને આકરો જવાબ આપ્યો

### જિલ્લામાં ૨૫૦૦ કરોડનાં વિકાસ કાર્યો થયાનું જણાવ્યું



બાબર, તા. ૨૪

બાબરામાં શનિવારે નવી નગરપાલિકાનું લોકાર્પણ અને રસ્તાના ખાતમુહૂર્ત પ્રસંગે રાજય સરકારના ઊર્જામંત્રીની ઉપસ્થિતીમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા વિરોધીઓ પર રીતસર વરસી પડયા હતા. ચૂંટણી વખતે નારણભાઈ કાછડીયાની ટિકિટ કાપી તેમને ટિકિટ અપાયા બાદ કોંગ્રેસ અને ભાજપ એમ બંને પક્ષોએ તેમના પર તડાપીટ બોલાવી હતી. તેઓ કયા પ્રકારનો આહાર લે છે અને કઈ વસ્તુનું સેવન કરે છે અને તેમના વ્યસનો વિશે અનેક વાતો ઉડાડવામાં આવી હતી.

બાબરામાં મંચ પરથી આ અંગે જવાબ આપતા તેમણે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી વખતે મને ચારે તરફથી ઘેરી લેવામાં આવ્યો હતો. જિંદગીમાં જે વસ્તુનું મેં કયારેય સેવન કર્યુ ન હતું. તેની સામે મને બેસાડી દીધો હતો. હું ખેડૂતનો દીકરો છું અને ખેતી કરી જાણું છું. તેમણે સૂચક રીતે કહ્યું હતુ કે હું કોઈને ભેળસેળ વાળું ખવડાવતો નથી. હવે વિરોધીઓએ સહન કરવાની શક્તિ રાખવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના વિરોધીઓમાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષના લોકો છે. અહીં બોલતા તેમણે કહ્યું હતું કે જિલ્લામાં ૨૫૦૦ કરોડના વિકાસ કામો થયા છે. જે વિસ્તારમાં જઈએ ત્યાં કામો ચાલે છે. અહીં પોતાના વકતવ્યના અંતમાં તેમણે એક શાયરી પણ કહી વિરોધીઓ પર પ્રહાર કર્યા હતા કહ્યું હતું કે તમારે હવે સહન કરવાની શક્તિ રાખવી પડે બહુ થયુ અને ખટકું અટલે એ ભાઈ મેં હિન્દીમાં શાયરી કહી જવાબ આપી દીધો હતો અને તેમણે હિન્દીમાં કહ્યું હતું કે 'કયું મેં ના બદલું, તુમ વહી હો કયાં ?, માના મેં ગલત હું. તુમ સહી હો કયા?, જોકે આખી વાતમાં સાંસદે વ્યક્તિનો ફોડ પાડયો નોહતો.

## સાવરકુંડલા : આંગણવાડીના બાળકોને ચપ્પલ વિતરણ કરાયું



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા તાલુકાના ધજડી પરા પ્રાથમિક શાળાના આચાર્ય ભીખુભાઈ આજગિયા તરફથી સાવરકુંડલાની નાગનાથ સોસાયટીની આંગણવાડીના બાળકોને કલરફુલ સેન્ડલ ટાઈપ ચપ્પલ આપવામાં આવ્યા બાળકો ખૂબ જ ખુશ થયા હતા તેમજ આંગણવાડીના સંચાલિકા કાજલબેનની કામગીરી પણ ખૂબ સરસ જોવા મળી.

### તસ્કરો રાત ઉજાગરા છોડીને શરૂ કર્યુ લાગે છે

## અમરેલીની દેના બેન્ક સોસાયટી વિસ્તારમાં ધોળે દિ'એ તસ્કરે ઘરફોડી ચોરી કરી

### સોનાની ૨-બંગડી કિંમત રૂપિયા ૧.૧૦ની ચોરી : ફરિયાદ

અમરેલી, તા. ૨૪

અમરેલીના ટ્રાફિકથી સતત ધમધમતા સ્ટેશન રોડ ઉપર આવેલ દેના બેંક સોસાયટીમાં રહેતાં અને સિલાઈનુ કામ કરતાં એક આધેડ ગત તા. ૯/૧૧ના રોજ બપોરનાં સમયે તેમની દુકાને હતા. તેમના પત્ની તથા દિકરી ગામમા દિકરીના લગ્ન હોય જેથી ખરીદી કરવા ગયેલ હતાં. ત્યારે પાછળ થી બપોરના આશરે અઢી વાગ્યે કોઈ અજાણ્યા ચોર ઈસમે તિજોરીમા પર્સમા રાખેલ અધેડનાં પત્નિની સોનાની બંગડી નંગ ૨ બીલ મુજબ વજન ૨૧.૨૩૮ જેની કિમત રૂપિયા ૧,૧૧,૩૩૬ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ભરબપોરે ઘરમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયેલ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં અમરેલીમાં સ્ટેશન રોડ ઉપર આવેલ દેના બેંક સોસાયટીના ગોપી ડુપ્લેક્ષ બ્લોક નં. ૬માં બ્રહ્મ સમાજની વાડી સામે રહેતાં અને સિલાઈનુ કામ કરતાં કિરીટભાઈ કાંતીભાઈ મકવાણા નામનાં ૫૪ વર્ષીય આધેડ ગત તા. ૯/૧૧ના રોજ બપોરનાં સમયે તેમની દુકાને હતા. તેમનાં પત્નિ તથા દીકરી ગામમા દિકરીના લગ્ન હોય જેથી ખરીદી કરવા ગયેલ હતાં. ત્યારે બપોરના આશરે અઢી વાગ્યે જમવા માટે ગયેલ ત્યારે મકાનની અંદરનો મેઈન દરવાજો અડધો ખુલ્લો હતો. અને ઘરમા તપાસ કરતા તિજોરીમા પર્સમા રાખેલ અધેડનાં પત્નિની સોનાની બંગડી નંગ ૨ બીલ મુજબ વજન ૨૧.૨૩૮ મ જેની કિમત રૂપિયા ૧,૧૧,૩૩૬ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ભરબપોરે ઘરમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયેલ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### નિરાધાર વ્યકિતને જરૂરી મદદ કરી

## રાજુલાનાં ૧૧૨ મોબાઈલમાં ફરજ બજાવતા પોલીસકર્મીનું માનવતાભર્યુ કાર્ય

### સૌ કોઇએ પોલીસકર્મીનાં કાર્યને બિરદાવ્યુ



અમરેલી, તા. ૨૪

રાજુલા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી રવીરાજ વરૂએ માનવતાનું અનોખું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. પોલીસનો ઉલ્લેખ આવે ત્યારે અનેક વખત કડક ઈમેજ આંખો સામે ઊભી થાય છે, પરંતુ વાસ્તવમાં વિસ્તારોમાં ઘણા એવા નિષ્ઠાવાન અને હૃદયવાન પોલીસ કર્મચારીઓ છે, જે માત્ર કાયદો નહીં, પરંતુ માનવતાનો પણ રક્ષણ કરે છે. રવીરાજ વરૂનો આ પ્રસંગ એ વાતનો જીવંત દાખલો છે કે 'પોલીસ' એટલે માત્ર રક્ષક નહીં પરંતુ માનવપ્રેમનું પ્રતિબિંબ પણ. હિંડોરણા ચોકડી પાસે ૧૧૨ મોબાઈલમાં ફરજ બજાવતા રવીરાજ વરૂને ફરજ દરમિયાન એક અનોખી ઘટના બની. અંદાજે ૨૫ થી ૩૦ વર્ષની વય ધરાવતા મનોદિવ્યાંગ અને નિરાધાર યુવક અચાનક પોલીસ વાહન પાસે આવી અને તેની બાજુમાં જ બેસી ગયો. યુવકની આંખોમાં અજાણી વિનંતી અને કંઈક માગતી નિર્દોષતા દેખાતી હતી. રોજિંદી પેટ્રોલિંગ દરમ્યાન આવો દશ્ય સામાન્ય ન હોય, છતાંય પોલીસ કર્મીનું મન આ વ્યકિત તરફ ખેંચાઈ ગયું. તેઓએ તરત જ માનવતા દર્શાવતા યુવકને ખાવાનું આપ્યું. ભૂખ્યો યુવક જઠરાગ્નિ સંતોષતા જ થોડો શાંત થયેલો જોવા મળ્યો. માત્ર એટલું જ નહીં રવીરાજભાઈએ યુવકને નવડાવ્યો, સાફ–સફાઈ કરાવી અને તેને નવા કપડાં પહેરાવી માનવતાનું મૂલ્ય સમજાવ્યું. પોલીસનું આવી રીતે પોતાનો સ્વાર્થ ભૂલીને માનવ સેવા કરવું આસપાસના લોકોના દિલ જીતી લેતું હતું.

### જાણીતા ઉદ્યોગપતિ દ્વારા સહયોગ

## સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને ૧.૧૧ લાખનુ અનુદાન

### ગરીબોની નિઃશુલ્ક સેવાથી પ્રભાવિત થયા



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલામાં ગુંજતું નામ તેમજ હર હંમેશા સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર એવા ભાઈ હરેનભાઈ વેકરીયા V.H.R.O.ને ત્યાં ગત તારીખ ૧૯/૧૧/૨૫ને બુધવારના રોજ વેકરીયા પરિવારનો કુળદીપક એવો પુત્ર રત્નનો જન્મ સાવરકુંડલા સ્થિત લલ્લુભાઈ હોસ્પિટલ કે જયાં દર્દીનારાયણની ફ્રી ઓફ ચાર્જમાં લાખો લોકોની સેવા કરી રહ્યા હોય ત્યાં સહેજ પણ વિચાર કર્યા વગર પોતાના પુત્રની ડીલેવરી કરાવી ગામ તેમજ તાલુકામાં એક સારો એવો દાખલો બેસાડી અને સાથોસાથ મૂળ જેનો ઉદ્દેશ છે સેવાનો એ તો કેમ ભુલાય ત્યારે ૧,૧૧,૧૧૧નો ચેક અર્પણ કરી એક ઉમદા કાર્ય કરેલ હોય ત્યારે સમગ્ર લલ્લુભાઈ શેઠ ટ્રસ્ટી મંડળે હિરેનભાઈ વેકરીયાનો ખુબ ખુબ આભાર વ્યકત કરેલ છે. એમ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાએ જણાવ્યું હતું.

### હોશે હોંશે બાળકો નર્સરીએ પહોંચ્યા

## બાબરા : પંચશીલ શાળાના ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ યોજાયો

### બાળકોએ વનીકરણ અને પ્રાકૃતિક માહિતી મેળવી



બાબરા, તા.૨૪

બાબરામાં પંચશીલ વિદ્યાલયના ધોરણ ૧ થીં ૫ ના વિદ્યાર્થીઓ વન દે–પિકનિક અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરમાં આવેલ રામપરા ખાતે વન વિભાગની નર્સરીની મુલાકાત કરી હતી.

અહીં આર.એફ.ઓ. મધુબેન કરંગીયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા અને વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવેલી જયારે રેન્જ ફોરેસ્ટર આર.બી કેસરિયાએ વિદ્યાર્થીઓની સાથે રહીને અર્બન વનની મુલાકાત કરાવેલ અને મુલાકાતે આવેલ તમામ વિદ્યાર્થીઓ સાથે તમામ શિક્ષકોને બપોરના જલેબી, ગાંઠીયા, ખમણ, નો નાસ્તો આપવામાં આવ્યો હતો શાળાના કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સ્કૂલ બસ દ્વારા મુલાકાત લઈ ગયા હતા મુલાકાત દરમિયાન ચિરાગભાઈ પાટડિયા સહિત ધોરણ ૩ થી ૫નો તમામ શિક્ષક સ્ટાફ જોડાયો હતો પીકનીકમાં વિદ્યાર્થીઓને ખુબ મજા આવી હતી તેમ શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતરની યાદી જણાવે છે.

# અમરેલી વિધાનસભામાં SIR અભિયાનની મંત્રી કૌશિક વેકરિયાએ ચકાસણી કરી






ગુજરાતમાં ચાલી રહેલા મતદાર યાદી વિશેષ સુધારણા અભિયાન (SIR) અંતર્ગત અમરેલી વિધાનસભાના બૂથ નં. ૨૨૭ થી ૨૩૫ સુધીની કામગીરીનું મંત્રી કૌશિક વેકારિયાએ સ્થળ પર જઈ વાસ્તવિક નિરીક્ષણ કર્યું. આ અભિયાનનો મુખ્ય હેતુ મતદાર યાદીને વધુ સચોટ, અપડેટ અને ભૂલમુકત બનાવવાનો છે, જેથી દરેક પાત્ર નાગરિક લોકશાહી પ્રક્રિયામાં નિર્વિધ્ને ભાગ લઈ શકે. મંત્રીએ તમામ બૂથોની મુલાકાત લઈ BLO અને BLA કર્મચારીઓ સાથે સંવાદ સાધ્યો અને મતદાર યાદી સુધારણા અંગે જનતા કેવા પ્રતિભાવ આપી રહી છે તે જાણવાનો પ્રયાસ કર્યો. તેમણે કર્મચારીઓના કાર્યને બિરદાવી અને વધુ પારદર્શિતા તથા સચોટતા સાથે કામગીરી ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા. મંત્રીએ જણાવ્યું કે લોકશાહી વ્યવસ્થામાં દરેક નાગરિકનો મત મૂલ્યવાન છે. મતદાર યાદીમાં નામ ન હોવાના કારણે કોઈ નાગરિક મતાધિકારથી વંચિત ન રહે, તે અનિવાર્ય છે. ખાસ કરીને નવા મતદારો, સરનામું બદલનારાઓ તથા ભૂલ સુધારણા ઈચ્છતા નાગરિકોને સક્રિયપણે SIR અભિયાનનો લાભ લેવા અનુરોધ કર્યો. આ અભિયાન દરમિયાન નાગરિકોને જન્મતારીખ, સરનામું, ઓળખ અને અન્ય જરૂરી વિગતો ચકાસીને સાચી એન્ટ્રી કરવાની સમજ આપવામાં આવી રહી છે. મંત્રીએ ગામજનો અને શહેરના નાગરિકોને પણ સંદેશ આપ્યો કે "લોકશાહી મજબૂત બનાવવા માટે મતદાર યાદી સુધારણા પ્રથમ પગલું છે, તેથી દરેકે આ પ્રક્રિયામાં સહભાગી થવું જરૂરી છે.'' મંત્રીએ અંતે નાગરિકોને વિનંતી કરી કે તેઓ પોતાના પરિવારજનો અને પડોશીઓને પણ આ અભિયાન અંગે માહિતગાર કરે અને સમયસર તેમની વિગતો મતદાર યાદીમાં દાખલ કરાવે, જેથી આવનારા ચૂંટણી પ્રસંગે કોઈ પણ નાગરિક મતદાનથી વંચિત ન રહે.




## રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા, ધારાસભ્ય તળાવીયા, ભાજપા પ્રમુખ કાનાણીની ઉપસ્થિતિમાં

# બાબરા ખાતે લોકાર્પણ, ભૂમિપૂજન, સન્માન સમારંભ સહિતનાં કાર્યક્રમો યોજાયા

**શહેરમાં વિકાસકાર્યો માટે ૩ વર્ષમાં સરકારે ૪૭ કરોડ રૂપિયાની ફાળવણી કરી**

**આઝાદીનાં ૭૮ વર્ષ બાદ સૌથી વધુ વિકાસ કાર્યોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે**

**રાજયમંત્રી, સાંસદ અને તમામ ધારાસભ્યોની ટીમ વિકાસપથ પર દોડી રહી છે**

**પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં આગવા આયોજનથી સૌ કોઈ પ્રભાવિત**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં શનિવારે સાંજે રાજય સરકારના નવ નિયુકત ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને અને તેમના વરદ હસ્તે રૂા. ૬.૫૦ કરોડના વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમહુર્ત સહિતના ભવ્ય કાર્યક્રમો અહીં પાલિકા કચેરીના વિશાળ મેદાનમાં યોજાયા હતા.

શહેર ભાજપ અને નગરપાલિકાના સયુંકત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં બાબરા શહેરમાં દરેક વોર્ડ વિસ્તારમાં બ્લોગ અને સીસી રોડ આશરે ૪ કરોડના તેમજ રૂા. ૨.૬૦ કરોડના ખર્ચે તૈયાર સુવિધા સભર નગરપાલિકા કચેરીનું લોકાર્પણ તેમજ શહેર ભાજપનું સ્નેહમિલન અને રાજય સરકારમાં ઉર્જામંત્રી બન્યા બાદ કૌશિકભાઈ વેકરિયા પ્રથમવાર બાબરા આવતા હોવાથી તેમનું ભવ્ય સન્માન સમારંભ અને શહેર ભાજપનું સ્નેહમિલન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

અહીં સાંજે ૫:૩૦ કલાકે ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા બાબરા આવી પહોંચતા સરદાર સર્કલથી ભગવતપરા વિસ્તાર સુધી શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજાની આગેવાની હેઠળ ભવ્ય અને વિશાલ અભિવાદન બાઈક રેલી બે કિલોમીટરની યોજાઈ હતી. જેમાં ઉર્જામંત્રી સહિત ધારાસભ્ય, સાંસદ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**૫૬ વર્ષની વયે કામગીરી થવા પાત્ર ન હોવાનું જણાવ્યુ**

# સાવરકુંડલાનાં સીમરણ ગામની પ્રાથમિક શાળાનાં શિક્ષકની SIRની કામગીરીથી ઊંઘ અને ભૂખ હરામ થઈ ગઈ

**કામગીરીથી મુકિત આપવા અથવા તો નોકરીમાંથી રાજીનામુ મંજુર કરી આપવા માંગ કરી**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલાની સીમરણ પ્રાથમિક શાળાનાં શિક્ષક ઈન્દુકુમાર કાનપરિયાએ મામલતદારને એક વ્યથા પત્ર પાઠવેલ છે.

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)